પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

ન્હાના ન્હાના રાસ

ભાગ ૧ લો

ન્હાનાલાલ દલપતરામ કવિ

પ્રેમભક્તિ-ગ્રન્થમાલાનાં

નવીન ગ્રન્થો અને આવૃત્તિઓ

પ્રથમાવૃત્તિની સાલ

૧૭,	શકુન્તલાનું સંભારણું, સમશ્લોકી	૧૯૨૬
૧૮,	યુગપલટો ને મહાસુદર્શન	૧૯૨૭
૧૯,	ઉદ્‌બોધન	૧૯૨૭
૨૦,	અર્ધશતાબ્દિના અનુભવબોલ	૧૯૨૭
૨૧,	સંસારમન્થન	૧૯૨૭
૨૨,	વિશ્વગીતા	૧૯૨૭
૨૩,	ઇન્દુકુમાર, અંક ૨ જો	૧૯૨૭
૨૪,	ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો	૧૯૨૮
૨૫,	ગીતમંજરી	૧૯૨૮
૨૬,	જહાંગીર-નૂરજહાન	૧૯૨૮
૨૭,	યોધપર્વણી ને પ્રતિજ્ઞાદર્શન	૧૯૨૮

બીજી આવૃત્તિ: કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો
કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો

ત્રીજી આવૃત્તિ : વસન્તોત્સવ
ઇન્દુકુમાર, અંક ૧ લો

ચોથી આવૃત્તિ: જયા-જયન્ત
ઉષા

છઠ્ઠી આવૃત્તિ: ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો

પ્રેમભક્તિ–ગ્રન્થમાલા

		પ્રથમાવૃત્તિની સાલ
૧,	કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો	૧૯૦૩
૨,	રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ	૧૯૦૩–૦૫–૧૧
૩,	વસન્તોત્સવ	૧૯૦૫
૪,	કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો	૧૯૦૮
૫,	ઇન્દુકુમાર, અંક ૧ લો	૧૯૦૯
૬,	ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો	૧૯૧૦
૭,	શ્રીમદ્ ભગવદ્ગીતા, સમશ્લોકી	૧૯૧૦
૮,	જયા–જયન્ત	૧૯૧૪
૯,	મેઘદૂત, સમશ્લોકી	૧૯૧૭
૧૦,	ઉષા	૧૯૧૮
૧૧,	ચિત્રદર્શનો	૧૯૨૧
૧૨,	રાજર્ષિ ભરત	૧૯૨૨
૧૩,	પ્રેમકુંજ	૧૯૨૨
૧૪,	પ્રેમભક્તિ–ભજનાવલિ	૧૯૨૪
૧૫,	સાહિત્યમન્થન	૧૯૨૪
૧૬,	વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી	૧૯૨૫

प्रेमभक्ति—ग्रन्थमाला

न्हाना न्हाना रास

भाग १ लो

—⋄—

न्हानालाल दलपतराम कवि

वि. सं. १९८४ ई. स. १९२८

कींमत एक रूपीओ

પ્રકાશક: ન્હાનાલાલ દલપતરામ કવિ,
ભદ્ર, અમદાવાદ

આવૃત્તિ ૧ લી, ૧૯૧૦		પ્રત ૧૦૦૦
આવૃત્તિ ૨ જી, ૧૯૧૪	આ આવૃત્તિઓ શ્રી.	પ્રત ૧૦૦૦
આવૃત્તિ ૩ જી, ૧૯૧૯	જીવનલાલ અમરશી	પ્રત ૧૦૦૦
આવૃત્તિ ૪ થી, ૧૯૨૧	મહેતાએ છપાવી હતી.	પ્રત ૧૦૦૦
આવૃત્તિ ૫ મી, ૧૯૨૨		પ્રત ૨૦૦૦
આવૃત્તિ ૬ ઠ્ઠી, ૧૯૨૮		પ્રત ૧૫૦૦

મુદ્રક. મુદ્રણસ્થાન:
કેશવ હ. શેઠ
ખડાયતા મુદ્રણકલા મન્દિર,
ચાર રસ્તા, અમદાવાદ

આવો આવોને સખિઓ ! આજ રસતાળી પાડી
કાંઇ ગજવો આપણી બ્હેન ! આ ગુર્જરી વાડી.

હરિણી શી ચંચળ વાન, નાજુક ને નમણી,
ફૂલની કળી સમ સુકુમાર સૂરતની રમણી !

છબિ છટા ભરી, સોહાગ તપે મુખ, મુગ્ધઉરા,
શુભ વડોદરાની વેલ સરિખી એ ચતુરા !

રૂડી ઠરેલ બુદ્ધિવિશાલ, સ્હમજુ, ને શાણી,
મુજ અમદાવાદની બ્હેન ! ઘરરખુ એ ગૃહિણી !

નિજ ઉરના વિવિધ વિલાસરંગે રંગેલી
મુંબઇની મોહનરૂપ સખિ ! એ અલબેલી !

અમૃત શા મિઠ્ઠા બોલ, પણ જ્ઞાને અધૂરી,
એ કોકિલકંઠી નાર હાલારની મધૂરી !

છો સુંદર રસિક ઉદાર, સહુ ભગિની આવો,
ગુર્જર જનનીની જોડ કુંવરીઓ કહાવો.

જ્યહાં સિંહણ નિજ સન્તાન ધવરાવે જાળે,
જ્યહાં સાગર ઉછળે નીર મોતીની પાળે;

જ્યહાં પ્રેમભક્તિનાં ગાન ભક્તજને ગાયાં,
જ્યહાં સ્થળસ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા;
એ અદ્દ્ભુત દેશની બાળ, સ્મરીને વીર સતી,
સૌરાષ્ટ્ર તણી સન્નાર ! પધારો ભાવવતી.
તેજસ્વી, મદડોલન્ત, જલની લક્ષ્મી જશી,
આવોને કચ્છની કોડ ભરેલી યુવતિ ! હસી.
આવો આવોને સહિયર ! આજ રસટહુકે ગુંજો,
કાંઈ ગજવો ગમતે ગીત નિજ ગુર્જરી કુંજો.
આ તમ કાજે ભરી છાબ ગીતનાં ફૂલડાંની,
લ્યો સત્કારો રસબાળ ! એટલી મહેમાની.
છે મુજ કુલની એ રીત, તાતે શિખવી ભલી,
લ્યો ચરણ ધરૂં છું, બ્હેન ! વીરની વીરપસલી.

જૂદે જૂદે સ્થળે વેરાયેલા ગરબા એકઠા કરી એક ન્હાની ગરબાવલિના રૂપમાં અપાય તો સંગીતરસિક સન્નારીઓને સગવડતા થાય એ વિચારથી આ સંગ્રહ છપાવ્યો છે. પૂર્વે છપાયેલા, છૂટા જ રહેલા, કે અન્ય કોઈ લાંબા કાવ્યના અંગભૂત થયેલા મ્હારા એંશી રાસ આ ગરબાવલિમાં છે.

પાછળ ગીતોના જડ્યા તેટલા ઢાળ આપ્યા છે; પણ ત્હેમાં યે ફેરફાર નથી એમ નથી. ફૂલછોડમાં જેમ આંખ ચ્હડાવવામાં આવે છે તેમ ગરબીઓમાં પણ અનેક ઢાળનાં રસિક ગૂંથણ ગૂંથી શકાય છે; અને એવા પ્રયોગ આ સંગ્રહમાં ઘણા છે. કુંડળિયા ને છપય જેવા છન્દો, તથા ભાતભાતની લોકપ્રિય ગરબીઓ બતાવે જ છે કે એક ગીતબન્ધમાં અનેક ગીતના ઢાળ સુરીતે મેળવવાથી રસિકતા વધે છે. સાખીઓને માટે પણ ફક્ત દોહરા જ નહીં, પણ દોહરા, સોરઠા, વસન્તતિલકા, ખંડ હરિગીત યોજાયા છે.

અક્ષરમેળ છન્દો સંસ્કૃત પિંગલમાંથી, માત્રામેળ છન્દો વ્રજભાષામાંથી, 'ઉસ્તાદી' રાગરાગણીઓ હિન્દુસ્તાની દ્વારા સંગીત શાસ્ત્રમાંથી, અને ગઝલો ફારસીમાંથીઃ એમ જૂદા જૂદા મૂલમાંથી એ સહુ ગીતપ્રયોગોની સમૃદ્ધિ ગુજરાતીમાં આવી છે. ગુજરાત જ જેની જન્મભૂમિ છે એવા ગીતબન્ધોમાં ગરબી ગરબા ને રાસડા છે. ગુજરાતી ભાષાને ખોળે તે જન્મ્યા છે અને માતા કરતાં બાલકો ઘણી વાર દીર્ઘાયુષી હોય છે ત્હેવું ત્હેમનું ભવિષ્ય ભાસે છે. સાદા નૃત્યના ઉત્સાહ ને ઉમંગ તથા ગીતની હલક ને હીચ: એવા ચિરંજીવ અંશ એ ગીતબન્ધમાં છે. રસિક જનોમાં ધીમું ધીમું ઢોલક પણ કોઇ સુન્દરી સાથે સાથે વગાડે છે. આમ સંગીતના ત્રણે અંગની સરલ ફૂલગૂંથણી રાસમાં છે. મંહી ગુર્જરી વાગ્દેવીનાં મૃદુતા માધુર્ય લાલિત્ય ને કવિતા ભળતાં અનુપમ રસની રાસઘટા જામી રહે છે. પ્રભુ ત્હેને પવિત્ર ને પ્રેમળ રાખો.

ઈ. સ. ૧૯૧૦ ન્હાનાલાલ દલપતરામ કવિ

૧૪૩૩૮

ન્હાના ન્હાના રાસ,

ભાગ ૧ લો

આમન્ત્રણ

આવો, સન્તો ! આવો, સન્તો !
રસકુંજે આવો સન્તો !

રાસેશ્વરને પદ ઝમે ઝીણું ઝીણું ગીતઃ
નિર્મલ તેજઉઘાડમાં પાન કરીશું નિત્યઃ
વ્હાલાં ! ઝીલશું, વ્હાલાં ! ઝીલશું,
ગીતલહરે વ્હાલાં ! ઝીલશું.

સ્નેહવેલના ફાલમાં હીંચશું ઉર હરખાઇઃ
પ્રિયગુણગાનફૂલો ગૂંથી ધરશું પ્રિયપદ માંહિઃ
પ્રિય સંગે, પ્રિય સંગે,
આનન્દીશું પ્રિય સંગે.

પ્રેમવાડીના ઝરણમાં ગીતીનીરે ન્હાઇ
રાસેશ્વરને પૂજતાં પ્રભુતા રહે પથરાઇઃ
પ્રભુતામાં, પ્રભુતામાં,
જગ ભૂલશું રસપ્રભુતામાં.

૩

વીણો-વીણોને ફૂલડાંના ફાલ

વીણો-વીણોને ફૂલડાંના ફાલ,
    ફોરે એવાં હેવાં, સખિ !
ગૂંથો-ગૂંથોને ફૂલડાંની માળ,
    ગૂંથો એવાં હૈયાં, સખિ !

સરખી સાહેલી કોઈ વીણવા ન આવે,
    વીણું હું વનને એકલી રે;
વીણું અલબેલી હું ફૂલફૂલની વેલી, ને
    વીણું ને થાઉં ઘેલી—ઘેલી:
    હો ! વીણો એવાં ફૂલડાં, સખિ ?

આવે-આવે છે મઢૂલી જોગીની મ્હારા,
    પાસે છે ફૂલડાંની વાડી રે;
સાધીશું જોગ સ્નેહગંગાને કાંઠડે,
    વીણીશું ફૂલ દહાડી દહાડી:
    હો ! વીણો એવાં ફૂલડાં, સખિ !

૪

વ્હેનાં ! આવો

એક આંબો મ્હોરે મ્હારે આંગણે રે લોલ:
ઘેરગમ્ભીર ત્હેની ઘટા ઢળી રે લોલ !
    વ્હેનાં ! આવો, રસાળ એની છાંયડી રે લોલ.

એક આસોપાલવ મ્હારી વાડીમાં રે લોલ:
ઘેરગમ્ભીર ત્હેની છટા ઢળી રે લોલ !
    વ્હેનાં ! આવો, હેનાળ એની છાંયડી રે લોલ.

એક વડલો ઉભો વનચોકમાં રે લોલ:
ઘેરગમ્ભીર ત્હેની જટા ઢળી રે લોલ !
    વ્હેનાં ! આવો, વિશાળ એની છાંયડી રે લોલ.

૫

શુભના શુકુને હો ! સંચરો

શુભના શુકુને હો ! સંચરો, મહારાજ !
રણને જીતીને વ્હેલેરા વીર ! પધારજો, મ્હારા રાજ !
જગને જયડંકે ધરણી ધ્રુજાવજો, મ્હારા રાજ !

ઘોડો મ્હારો યશપંખાળો, ને ઉડશે:
ઘોડો મ્હારો જયપંખાળો, ને જીતશે:

ગરવો રણધ્વજ આ ફરફરે, મહારાજ !
સુભટોનાં હૈયાં એવાં રણના રમણે ચ્હડયાં, મ્હારા રાજ !

શૂરનો મહેરામણ ઉલટયો, મહારાજ !
વીરો કેરા પગના પડે છે પડછન્દવા, મ્હારા રાજ !

શુભના શુકુને હો ! સંચરો, મહારાજ !

૬

દેવોનાં ધામ એ

ધીમે ધીમે ધીમે, સાહેલિ !
ચાલો શૃંગે ગિરિઓ ગરવા;
દેવોનાં ધામ એ, વિભુનાં વિશ્રામ એ,
આત્માનાં પૂર પૂરથી ભરવા:
ધીમે ધીમે ધીમે, સાહેલિ !

દૈત્યો વિદારનાર, દેવો ઉગારનાર,
જગવી જયનો ટંકાર આવે છે એ કુમાર,
ગિરિગિરિમાં જય ઉચ્ચરવા;

બાણે છે શેષ નાગ, ચાપે છે વીજળી,
એવા જયકેતુધારી અભિનન્દવા:
ધીમે ધીમે ધીમે, સાહેલિ !

૭

હૈયાની વાંસળી

હૈયાનાં હેન વ્હેતી વાંસળી વાગી !
વાંસળી વાગી,
ને મ્હારી છાતડી જાગી:
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.

એનો ઘેરો હૂહૈકાર,
મ્હારા ઉરનો આધાર.
મ્હારો ઉંડો ઉંડો જાણે જીવનલલકાર:

દુનિયાના દંશ દેતી વાંસળી વાગી;
વાંસળી વાગી,
ને મ્હારી છાતડી જાગી:
હૈયાનાં હેન વ્હેતી વાંસળી વાગી !

૮

વસન્તનાં કિરણો

૧

સન્ધ્યાના આભ કેરે કાંઠડે ઉઘાડી મીટ:
આશાની એક અલબેલડે ઉઘાડી મીટ.

જો ! જો ! પ્રકાશ કેરે પોપચે ઉઘાડી મીટ:
સૂર્યે ઉષાની વેલડી નીચે ઉઘાડી મીટ.

કિરણો હતાં તે કુસુમ ખીલિયાં ઉઘાડી મીટ :
હઇડે એ હાસ્ય કોણે ઝીલિયાં, ઉઘાડી મીટ ?

૨

જો ! જો ! આનન્દની અધૂકડી ઉઘાડી મીટ:
સંસાર જાગે શતપાંખડી ઉઘાડી મીટ.

સંજીવન ભરી પિચકારીઓ, ઉઘાડી મીટ:
ફૂલડાંની ક્યારી કેરી ઝારીઓ, ઉઘાડી મીટ:

જગમાં વસન્ત રમણે ન્હડી ઉઘાડી મીટ :
ફરેશો ? એ કોને કોને ઉર અડી ઉઘાડી મીટ ?

૯

પ્રેમસરોવર

ભર્યું–ભર્યું સરવર ઝૂલતું રે,
રમવાને ત્ય્હાં રૂડું ચાલ, મ્હારા વ્હાલમા !
કાંઠે ઉગ્યાં દેવફૂલડાં રે,
ત્હેની ગૂંથીશું વરમાળ, મ્હારા વ્હાલમા !

રૂડાં ફૂલ, રૂડલું સરોવરે રે,
રૂડલા અતિશય આપ, મ્હારા વ્હાલમા !
કુંજની કુસુમલ છાંયમાં રે
ભૂલશું જગતપરિતાપ, મ્હારા વ્હાલમા !

જામી ઉપર રસની ઘટા રે,
નીચે નીતિની વેલ, મ્હારા વ્હાલમા !
પરિમલ પમરે છે પુણ્યના રે,
ઝૂલો મંહી, અલએલ ! મ્હારા વ્હાલમા !

પીશું પરમ પદનાં અમી રે,
લેશું અમૂલખ લ્હાવ, મ્હારા વ્હાલમા !
જગત જૂવે ત્હારી વાટડી રે,
જીવનના જન્ત્ર જગાવ, મ્હારા વ્હાલમા !

કમળો હસે જળ ઝીલતાં રે,
નયનો હસે છે રસાલ, મ્હારા વ્હાલમા !
ઉઠ–ઉઠ, પ્રિયતમ ! ઉઠને રે,
પ્રેમસરોવર ચાલ, મ્હારા વ્હાલમા !

૧૦

સ્વર્ગનાં મૃદંગ

પેલા આભઝરૂખે અભંગ
સજની ! સ્વર્ગનાં વાગે મૃદંગ.

ધીરાં હો ! ધીરાં, હૈયાં શાં, વાગે,
જગમાં પડે પડછન્દ;
ધિનિકિટ ધિનિકિટ મધુરાં શાં ગાજે
આયુષ્યના આનન્દ ;
પેલા આભઝરૂખે અભંગ
સજની ! સ્વર્ગનાં વાગે મૃદંગ.

ઉરઉરને આમન્ત્રણ આવે,
ચાલ સખિ ! દેવદ્વાર;
પ્રેમનો પારાવાર ડોલે ત્ય્હાં,
પૃથ્વીમાં સ્વર્ગ ઉતાર;
પેલા આભઝરૂખે અભંગ
સજની ! સ્વર્ગનાં મૃદંગ.

૧૧

વિરાજો મ્હારા પ્રાણમાં

વ્હાલાં ! વિરાજો મ્હારા પ્રાણમાં, રે લોલ:
પ્રાણના પ્રકાશ છે પ્રફુલ્લ જો !
વ્હાલાં ! વિરાજો મ્હારા પ્રાણમાં રે લોલ.

આશાનો જડેલ મ્હારો માંડવો રે લોલ:
ગૂંથી સૌભાગ્ય કેરી વેલ જો !
વ્હાલાં ! વિરાજો મ્હારા પ્રાણમાં રે લોલ.

આવો, પીયૂષ પાઉં ઉરનાં રે લોલ:
નેત્ર માંહિ આંજું રૂડાં તેજ જો !
વ્હાલાં ! વિરાજો મ્હારા પ્રાણમાં રે લોલ

પ્રેમનું ઘડાવું રૂડું પારણું રે લોલ:
શોભાના બન્ધાવું હું હિન્ડોલ જો !
વ્હાલાં ! વિરાજો મ્હારા પ્રાણમાં રે લોલ.

પ્રભુની કરુણાકલા શાં આવજો રે લોલ:
હસજો કંઇ ઊંડાં ઊંડાં હાસ્ય જો !
વ્હાલાં ! વિરાજો મ્હારા પ્રાણમાં રે લોલ.

૧૨

ગોપિકાની ગોરસી

ગોરસ લેઇ લેઇ પીજો,
હો ! ગોપિકાની ગોરસી ભરેલી.

વદને છે હેમજ્યોત,
નયને છે પ્રેમજ્યોત;
આત્મામાં અમૃતની હેલી:
હો ! ગોપિકાની ગોરસી ભરેલી.

હૃદયાની આશ એક,
રસિયાની રાસ એક;
પ્રેમીની પ્યાસ ના છીપેલી :
હો ! ગોપિકાની ગોરસી ભરેલી.

એ રત

મ્હોરી-મ્હોરી આંબલિયા કેરી ડાળ રે,
એ રત આવી, ને રાજ ! આવજો !
ઝીલે નીરે સારસ સરોવરપાળ રે,
એ રત આવી, ને રાજ ! આવજો !

કુંજ કુંજે વાધા સજ્યા નવરંગ રે,
એ રત આવી, ને રાજ ! આવજો !
ચન્દ્ર હસી અજવાળે રજનીનાં અંગ રે,
એ રત આવી, ને રાજ ! આવજો !

તેજ મધુર વરસે, ને વિશ્વ મંહી ન્હાય રે,
એ રત આવી, ને રાજ ! આવજો !
લીલો પેલો વનનો મંડપ ઝોલાં ખાય રે,
એ રત આવી, ને રાજ ! આવજો !

ઉભી ઉભી નિરખું છું વાટ, અલબેલ રે !
એ રત આવી, ને રાજ ! આવજો !
ફૂલડેથી લૂમી-ઝૂમી મ્હારી વેલ રે,
એ રત આવી, ને રાજ ! આવજો !

૧૪

વસન્ત લ્યો !

રાજ ! કોઇ વસન્ત લ્યો, વસન્ત લ્યો :
હાં રે મ્હારી ક્યારીમાં મ્હેકમ્હેક મ્હેકી :
હો રાજ ! કોઈ વસન્ત લ્યો, વસન્ત લ્યો.

રાજ ! વીણી કળીઓ મ્હેં નેત્રમાં ઉઘાડી :
હાં રે મ્હારે હઇયે-ઝલ્ઝાટે વધાવી :
હો રાજ ! કોઇ વસન્ત લ્યો, વસન્ત લ્યો.

રાજ ! દેવ દેવી સોહાગ લેવા આવેઃ
હાં રે મીઠી સ્નેહની બંસરી બજાવેઃ
હો રાજ ! કોઇ વસન્ત લ્યો, વસન્ત લ્યો.

૧૫

અજબ કો વેણુ

અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

હું તો આછી નીંદરમાંથી જાગી, સખિ !
મારા મનની મહેમાની માગી,
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

હીરદોરની હિંડોળદોરી ડોલી, સખિ !
લોકલોકના કલ્લોલઓળ ઓળી,
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

ઘેરે ટહુકે અંજાયાં નેત્ર નમણાં, સખિ !
સર્યાં સહિયર ! સલૂણાં મ્હારાં શમણાં:
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

ધીમી ધીમી અમીની છલક આવી, સખિ !
મીઠી હલકે મ્હને એકલી હસાવી :
અજબ કો વેણુ વાગી, વેણુ વાગી.

૧૬

જો-જો સાહેલી ! મ્હારો કન્થ

આજે સાહેલી ! મ્હારે અજવાળાં ઉગિયાં,
ઉગ્યો આયુષ્યનો આનન્દ
મુખડાને મરકલડે રે.
કીધી અમીની મ્હને અમૃત પાઇને,
વરસ્યો રસીલો રસચન્દ
મુખડાને મરકલડે રે.
આછું-આછું હેરે, ને હેરી હેરી હસે,
બોલે અબોલ કાંઇ બોલ
મુખડાને મરકલડે રે.
ટહુકે વસન્તગીત કીકીની કોકિલા,
ડોલે ભ્રુકુટિના હિંડોલ
મુખડાને મરકલડે રે.
હૈયાને આભ એની ઝબકે છે વીજળી,
પ્રગટે છે પ્રેમના પન્થ
મુખડાને મરકલડે રે.
પૃથ્વીની પ્રભુતામાં પ્રભુ શો પ્રકાશતો
જો ! જો ! સાહેલી ! મ્હારો કન્થ
મુખડાને મરકલડે રે.

૧૭

મ્હારો હીંચકો

મ્હારો હીંચકો રે અમરવેલડીની મ્હાંય;
અમરવેલડીની મ્હાંય;
અમરવેલડીની મ્હાંય;
મ્હારો હીંચકો રે અમરવેલડીની મ્હાંય.

વીજળી જેમ ગગન મ્હાંય,
કવિતા કવિનયન મ્હાંય,
એમ હીંચી હૃદય મ્હાંય
પ્રેમરાય
ગાયઃ

પ્રેમહીંચકો રે હૃદયવેલડીની મ્હાંય;
હૃદયવેલડીની મ્હાંય;
હૃદયવેલડીની મ્હાંય;
પ્રેમહીંચકો રે હૃદયવેલડીની મ્હાંય.

પુરનો મોરલો

પુરનો મોરલો, હો રાજ !
પુરમાં થનગન થનગન નાચે
પુરનો મોરલો હો રાજ !
પુરનો મોરલો, હો રાજ !

સુખની શેરીઓ, હો રાજ !
આંગણુ થનગન થનગન નાચે
સુખનો મોરલો, હો રાજ !
પુરનો મોરલો, હો રાજ !

ફૂલની વાડીઓ હો રાજ !
ફૂલડે થનગન થનગન નાચે
ફૂલનો મોરલો, હો રાજ !
પુરનો મોરલો, હો રાજ !

રસનાં સરોવરો, હો રાજ !
રસભર થનગન થનગન નાચે
રસનો મોરલો, હો રાજ !
પુરનો મોરલો, હો રાજ !

૧૯

શીયળ

સખિ ! સુણુજો સુબોલ આ રસાળો,
શીયળને સંભાળો, સંભાળો :
સખિ ! સતિઓનો શબ્દ રઢિયાળો,
શીયળને સંભાળો, સંભાળો :
સખિ ! જીવનનો મન્ત્ર મરમાળો,
શિયળને સંભાળો, સંભાળો.

ઓ રસતરસ્યાં બાલ ! રસની રીત ન ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી.

સખિ પ્રભુતાના દૈવી નિયમ ભાળો,
શીયળને સંભાળો, સંભાળો:
સખિ ! રસની પવિત્રતા નિહાળો,
શીયળને સંભાળો, સંભાળો :
સખિ ! પ્રેમની અખંડ માઝા પાળો,
શીયળને સંભાળો, સંભાળો :

વનમાં વરસે મેહ, ઘોમ ધખે વૈશાખના;
નિત્ય વધારે નેહ સારસડાંની બેલડી.

સખિ ! આત્માનાં આંગણું ય વાળો,
　　શિયળને સંભાળો, સંભાળો:
સખિ ! દેહના કલંકી મોહ ટાળો,
　　શીયળને સંભાળો, સંભાળો.
સખિ ! સોહાગ સ્વામીનો રૂપાળો,
　　શીયળને સંભાળો, સંભાળો.

માંડી મનનો મ્હેલ, જીવનાં સિંહાસન કરી,
પધરાવી અલબેલ સ્વામીને સત્કારજો.

સખિ ! કુલ કેરી કીર્તિને ઉજાળો,
　　શીયળને સંભાળો, સંભાળો :
સખિ ! સીતા ને રામનાં છો બાળો,
　　શીયળને સંભાળો, સંભાળો:
સખિ ! સ્નેહસુધા પાઇ પી ઉછાળો,
　　શીયળને સંભાળો, સંભાળો.

૨૦

ઝીણા ઝીણા મેહ

ઝીણા ઝરમર વરસે મેહ,
ભીંજે મ્હારી ચુંદડલીઃ
એવો નીતરે કૌમારનો નેહ,
ભીંજે મ્હારી ચુંદડલી.

આજે ઝમે ને ઝરે ચન્દ્રીની ચન્દ્રિકા,
ભીંજે રસિક કોઇ બાલા રે;
ભીંજે સખી, ભીંજે શરદ અલબેલડી,
ભીંજે મ્હારા હૈયાની માલાઃ
હો ! ભીંજે મ્હારી ચુંદડલી.

વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે,
ટહુકે મયૂર કેરી વેણું રે;
ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે,
ટમકે મ્હારા નાથનાં નેણુંઃ
હો ! ભીંજે મ્હારી ચુંદડલી.

આનન્દકન્દ ડોલે સુન્દરીના વૃન્દ, ને
મીઠા મૃદંગ પડછન્દા રેઃ
મન્દ મન્દ હેરે મીટડી મયંકની,
હેરો મ્હારા મધુરસચન્દા !
હો ! ભીંજે મ્હારી ચુંદડલી.

હૈયાનું હોડલું !

હો ! ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !
હો નાથ ! ક્‌હેશો ?
હો નાથ ! ક્‌યહારે ?
ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !
હો ! ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !

ઘૂમતાં તોફાનો શમાવો:
હો નાથ ! ક્‌યહારે ?
હો નાથ ! ક્‌હેશો ?
ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !
હો ! ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !

જલની સીમાઓ બતાવો:
તલની ગુફાથી બચાવો:
હો નાથ ! ક્‌યહારે ?
હો નાથ ! ક્‌હેશો ?
ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !
હો ! ઝોલે ચ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !

શઢ તો સફરના વ્હડાવો:
ઉર્મિએ ઉર્મિલા ઉડાવો:
જલધિના રાસ એ જમાવો:
હો નાથ ! ક્ય્હારે ?
હો નાથ ! કહેશો ?
ઝોલે વ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !
હો ! ઝોલે વ્હડયું મ્હારૂં હૈયાનું હોડલું !

સારસના શબ્દ

સન્ધ્યા ઉજાસ ભરી નમતી હતી, સખિ ! વૈશાખની:
મનોહારી સુશીતલ શાન્ત, હો સખિ ! વૈશાખની.
આવી ફરીને દિન મેદિની, સખિ ! વૈશાખની:
ઉભી રજનીને કાંઠડે એકાન્તઃ હો સખિ ! વૈશાખની.

વનમાં વિરામતી વિભૂતિઓ, સખિ ! વૈશાખની:
નદી છવરાતી છાછરનીરઃ હો સખિ ! વૈશાખની.
નિર્મળ ઝૂકી નભની ઘટા, સખિ ! વૈશાખની:
જલે છાયા ડૂબેલી ગંભીરઃ હો સખિ ! વૈશાખની.

વાયુની લહરી થંભી હતી, સખિ ! વૈશાખની:
હતી થંભી હઇડા તણી આશઃ હો સખિ ! વૈશાખની.
પોઢી'તી સાયંસમાધિમાં, સખિ ! વૈશાખની:
જડ-ચેતનસૃષ્ટિની સુવાસઃ હો સખિ ! વૈશાખની.

એવે એક સારસબેલડી, સખિ ! વૈશાખની:
આવી ટહુકી અમારી પારઃ હો સખિ ! વૈશાખની.
અને જાગી જગત રસચેતના, સખિ ! વૈશાખની:
રહી વરસી જ્યોત્સ્ના કેરી ધારઃ હો સખિ ! વૈશાખની.

૨૩

કન્થકોડામણી

સોહાગમૂર્તિ શી રે કે શણગારી આ તો ? સાહેલડી !
ઉભો તો માંડિયે રે કે દીલડાંની વાતો, સાહેલડી !

રૂપની ક્‌લા કરી રે કે ચતુરા ! ક્‌ય્હાં ચાલ્યાં ? સાહેલડી !
છબિલી ! આ છોગલાં રે કે મોહનાં શે ઘાલ્યાં ? સાહેલડી !

હજી તો વસન્તની રે કે લ્હેર પ્હેલી આવે, સાહેલડી !
ઉરને ઉમળકે રે કે વિશ્વ જો ! વધાવે, સાહેલડી !

હજી ય તો વાર છે રે, કે આવડી વ્હેલી ! સાહેલડી !
એવાં શાં કામ છે રે ! કે આવડી ઘેલી ! સાહેલડી !

ચન્દનકંકાવટી રે કે કુંકુમ ભરિયાં, સાહેલડી !
ગોરાં ગુલાબને રે કે એમ મુખે ધરિયાં, સાહેલડી !

કુંપળને ટોડલે રે કે તારલી પલકે, સાહેલડી !
પોપચાંને પાંદડે રે કે કીકીઓ મલકે, સાહેલડી !

સરિતામાં પૂર તો રે કે આજ આ શાનું ? સાહેલડી !
મેહુલે શું માંડિયું રે કે માવઠું મહાનું ? સાહેલડી !

અંબુજઆંખડી રે કે અંજન સાર્યાં, સાહેલડી !
ભમ્મરના ચાપમાં રે કે બાણ કેમ ધાર્યાં ? સાહેલડી !

ચાંદાને સેંથલે રે કે વાદળી નમતી, સાહેલડી !
ભાલમાં ચ્હડીને રે કે એમ અલક રમતી, સાહેલડી !

શણગાર સજ્યા રે કે કન્થના કોડે, સાહેલડી !
મનોહર મોગરો રે કે ઉઘડે અંબોડે, સાહેલડી !

વદનકટોરીમાં રે કે અમૃત લીધાં, સાહેલડી !
શાશ્વત સૌભાગ્યના રે કે ચન્દ્રક કીધાં, સાહેલડી !

પૃથ્વીને પૂનમે રે કે સૂર્ય ચન્દ્ર રાજે, સાહેલડી !
એવા બે કાનમાં રે કે હીરલા વિરાજે, સાહેલડી !

કમલનો ડોડલો રે કે પત્રે બિન્દુલેખા, સાહેલડી !
કંઠને ઢોળાવ રમે રે કે મોતિડાંની રેખા, સાહેલડી !

વનેવન આંબલે રે કે મ્હોર મ્હોર્યાં દીઠા, સાહેલડી !
દેહડાળે પ્રેમના રે કે મ્હોર એવા મીઠા, સાહેલડી !

જાસુદની બેલડી રે કે ઢળતી હાસે, સાહેલડી !
હૈયાનાં ફૂલડાં રે કે ફૂલતાં વિલાસે, સાહેલડી !

ત્હારે તો ઉગિયા રે કે અંગઅંગ ભાનુ, સાહેલડી !
ઢાંકે શું છેડલે રે ? કે નથી હવે છાનું, સાહેલડી !

ફૂલને હિન્ડોલે રે કે ફૂલડાંની માળા, સાહેલડી !
દેહઝૂલે ઝૂલતા રે કે હાથ બે રૂપાળા, સાહેલડી !

ફૂલડાંને ફૂમતે રે કે સોનલા સિતારી, સાહેલડી !
એવાં સૌભાગ્યનાં રે કે કંકણે પધારી, સાહેલડી !

સરોવરપંકમાં રે કે પંકજ ઉઘડે, સાહેલડી !
ધરતીના ચોકમાં રે કે પાય એમ ઉપડે, સાહેલડી

કમલની પાંખડી રે કે પાંદડે પડીઓ, સાહેલડી !
મખમલની લીલુડી રે કે પાવલે મોજડીઓ, સાહેલડી !

ક્ષિતિજેથી કોઇ તો રે કે તેજફૂલ હેરે, સાહેલડી !
ઘૂઘરીની તારલી રે કે ઘાઘરતે ઘેરે, સાહેલડી !

મોરલાની પાંખ એ રે કે ઉડતી ડોલે, સાહેલડી !
ચોરસાના ચોક તો રે કે એમ ન્હડયા ઝોલે, સાહેલડી !

પૂર્ણિમાની ચન્દની રે કે શરદની સોહે, સાહેલડી !
રંગેલા અંગરંગ રે કે મોહિનીના મોહે, સાહેલડી !

મંજરી ગૂંથેલી રે કે આમ્રઘટા ઢળતી, સાહેલડી !
અંબરની જ્યોતિર્નિકા રે કે દેહજ્યોતે ભળતી, સાહેલડી !

વારૂ વસન્તની રે કે ફૂલવાડી ફૂલે, સાહેલડી !
સાળુની વેલીઓ રે કે એમ અંગે ખીલે, સાહેલડી !

વાદળીની વાડીમાં રે કે વીજળી રમતી, સાહેલડી !
સારા સંસારમાં રે કે સુન્દરી ઘૂમતી, સાહેલડી !

એકાકી સારસી રે કે આભમાં ઉભી, સાહેલડી !
પ્રેમની પંખિણી રે કે એવી દીસે દૂભી, સાહેલડી !

પિયુના પંથમાં રે કે બ્હાવરી બાળા, સાહેલડી !
આંખડીમાં ઉડતી રે કે ઉરની જ્વાલા, સાહેલડી !

જગતની પૂર્ણિમા રે કે પ્રગટી શું આજે ? સાહેલડી !
રૂપ કેરી ચન્દ્રિકા રે કે ઉછળી શી ગાજે ? સાહેલડી !

સોના પાલવડે રે કે વાદળી ઉગી, સાહેલડી !
પારસપૂતળી રે કે એવી કાં મુંગી ? સાહેલડી !

સારા ય વિશ્વની રે કે વાડી શે વેડો ? સાહેલડી !
કોડીલા કન્થનો રે કે એવડો શો નેડો ? સાહેલડી !

અંગમાંથી આવડો રે કે આગનો ઉછાળો, સાહેલડી !
કોને દઝાડવો રે ? કે પાંખ કાંઈ ઢાળો, સાહેલડી !

આજે વસન્તની રે કે પંચમી આવી, સાહેલડી !
આવડી ઉતાવળી રે કે સખિ ! કય્હાં સિધાવી ? સાહેલડી !

કોકિલા બોલાવતી રે, કે ઉભલાં રૂહેજો, સાહેલડી !
દૂર તો એ દેશ છે રે, કે ડગ ધીરે દેજો, સાહેલડી !

સન્ધ્યાની ચન્દ્રિકા રે કે જ્યોત ઝીણી ઢોળે, સાહેલડી !
ઉતરે છે દર્શને રે કે તારલીઓ ટોળે, સાહેલડી !

વેરેલ ફૂલડાં રે કે સખીજને પન્થે, સાહેલડી !
પૂરેલ સાથિયા રે કે પ્રેમના કન્થે, સાહેલડી !

આનન્દે ઉજળાં રે કે જાવ રસગેહે, સાહેલડી !
રાણી ! સદા શોભજો રે કે નાથને નેહે, સાહેલડી !

૨૯

ચોક ભરી ઢળે ચન્દની

હ્યો-હ્યો, ચોક ભરી ઢળે ચન્દની.

હ્યો-હ્યો, તારા વેરાય કોટિપાંખડી;
હ્યો-હ્યો, ચન્દાનાં અમૃતનીર, રાજ !
હ્યો-હ્યો, હ્યો ચોક ભરી ઢળે ચન્દની.

હ્યો-હ્યો, માથે મુગટ મૂકો તેજના;
હ્યો-હ્યો, અંગે તો તેજનાં ચીર, રાજ !
હ્યો-હ્યો, ચોક ભરી ઢળે ચન્દની.

હ્યો-હ્યો, હૈયામાં હેતનાં સરોવરો;
હ્યો-હ્યો, નયનોમાં હેતના હિન્દોળ, રાજ !
હ્યો-હ્યો, ચોક ભરી ઢળે ચન્દની.

હ્યો-હ્યો, આત્માના સાગર ઉછળે;
હ્યો-હ્યો, બ્રહ્માંડ ઉભું રસબોળ, રાજ !
હ્યો-હ્યો, ચોક ભરી ઢળે ચન્દની.

હ્યો-હ્યો, આજે રળિયામણી રાતડી;
હ્યો-હ્યો પુણ્યના સોહામણા પ્રકાશ, રાજ !
હ્યો-હ્યો, ચોક ભરી ઢળે ચન્દની.

હ્યો-હ્યો, સૌભાગ્યચોકમાં, સુન્દરી !
હ્યો-હ્યો પ્રીતમના પ્રેમના રાસ, રાજ !
હ્યો-હ્યો, ચોક ભરી ઢળે ચન્દની.

૨૫

અલી કોયલડી !

ઉંચાં આકાશ, ઉંચી વાદળી, અલી કોયલડી !
કાંઇ ઉંચા ત્હારા રણુવાસઃ
મીઠડું ટ્હૌકજે રે અલી કોયલડી !

વાજે વસન્તની વાંસળી, અલી કોયલડી !
કાંઈ જામે રસિકના રાસ:
મીઠડું ટ્હૌકજે રે અલી કોયલડી !

હૈયડે મ્હારે હતું ગીતડું, અલી કોયલડી !
એ તો ગાયું ત્હેં આજે અમોલઃ
મીઠડું ટ્હૌકજે રે અલી કોયલડી !

ઉરમાં મ્હારે એક મોરલી, અલી કોયલડી !
બોલી કાલા-ઘેલા ત્હેના બોલઃ
મીઠડું ટ્હૌકજે રે અલી કોયલડી !

બોલી ઘેલા-ઘેલા મદબોલ,
બોલી કાલા-કાલા બ્રહ્મબોલ
મીઠડું ટ્હૌકજે રે અલી કોયલડી !

૨૬

વન

ઉગ્યો સૂરજ જો ! લીલૂડા વનમાં રે,
ઉગ્યો ઉગ્યો સરવર-ગિરિવરને તીરે.

જાગ્યાં ઘેરી ઘટામાંનાં પંખેરૂ રે,
જાગ્યાં-જાગ્યાં મેના પોપટ મોરલા.

ધણુ લઈ ચાલ્યા વનમાં બાલ ગોવાળો રે,
ગાયો જઇ ચારશે રે આઘી સીમમાં.

ફરતો ફાલ્યો આંબલિયાનો ફાલ રે,
શાળો રે સરવરિયા પરનો વાયરો.

ધણુ ચરશે લીલમડું ઘાસલવિંગ રે,
સરવરનીર પીશે, ને નીરમાં ઘૂમશે.

ધાડાં જામ્યાં જાંબૂડાનાં ઝાડો રે,
ત્હેને શાળે ધણુ વેરાતું ઢળી જશે.

દૂર સરવર ભરતા ઝરણાનાં જેવો રે
ગીતડાં ગાતાં નાદ રાયકો રેલશે.

આંબાની મંજરીઓ ખાતી કોયલ
વસન્તની વાંસલડી સરિખી બોલશે.

—મા છેડીશ તું આજે ત્હારી વેણુ રે,
પ્રભુનાં ગીત વનવનથી વહી ત્હને વધાવશે.

*　　*　　*

વૈશાખે વંટોળ ઉન્હાધખ વાશે રે,
ધૂળનાં વાદળ રચશે વનના વાયરા.

બળતાં કિરણોના વરસાદ વરસશે રે,
બળશે ધરતી, બળશે પ્રાણી-પાંદડાં.

વિયોગ શો કાંઈ ધોમ ધખે આકાશે રે,
સૂકવશે સૃષ્ટિ, રસ આંબે સીંચશે.

ચીલામાં ચળકન્તા મરવા વીણી રે
છાંયે બેઠા રાયકો ભાત આરોગશે.

ઉડતાં પંખી ડાળે ભેળાં થાશે રે,
વિસામે વિરમશે જગના પન્થીઓ.

કડવી લીમડીઓની મીઠી છાયે રે
મોલીડાને ઓશીકે રાયકો પોઢશે.

કિલકિલ કરતાં વ્હાલપડાં પંખેરૂ રે
વ્હાલા ગોવાળ હાલરડે ઉંઘાડશે.

લીલમછમ પલ્લવમાં ઠરતો વાયુ રે
થાકેલા ગોવાળનો થાક ઉતારશે.

ફળફૂલથી લળતી ને નમતી ડાળો રે
પોઢયા ગોવાળ ફૂલપાંદડીએ વધાવશે.

—સંકોરી લે પાલવ ત્હારો ઉડતો રે,
વસન્તના પાલવની લિજ્જત લે ઘડી.

*　　　*　　　*

નમતો પ્હોર થશે ને સૂરજ નમશે રે,
વાદળિયા સરવરમાં લહેરો આવશે.

તટના ઘાસ મંહી મધમાંખ ગગણશે રે,
પાળોને શણગારશે બગની વેલડી.

તરુવર કરતાં વધશે ત્હેમની છાયા રે,
પશુપંખી પણ લાગશે મદભર ડોલવા.

પોઢયા રાયકા આળસ મરડી ઉઠશે રે,
ઉઠીને વગાડશે ચતરંગ વાંસળી.

આઘી-આઘી ખોમાં ચરતી ગાયો રે
વાંસલડી સુણી ઉભશે, ને વળી આવશે.

જળજળ નિર્મળ કમળો છૂંદતી ભેંશો રે
વાંસલડી સુણશે ને જલને છાંડશે.

—જો ! જો ! ઘેરા ભવયમુનાતટ રમતા રે
અનહદ રે વગાડે ગોવિન્દ વાંસળી.

સુણુ, સ્હમજ, આચર એ ગીતના ભેદો રે,
પશુથી યે પામર શું આપણુ માનવી ?

*　　*　　*　　*

સ્હાંજ પડી, આ તડકા કુમળા થાય રે,
સૂરજ પણ ધરતીના ઉરમાં ઢળી પડે.

ક્ય્હાં છે ધણુ ? એ ક્ય્હાં છે બાલ ગોવાળ રે ?
ક્ય્હાં છે વાંસલડી એ વનવન વીંધતી ?

માત્ર સરોવરજલમાં રમતાં ભાળું રે
દોડતી વાદળીઓનાં ભૂખરાં લહેરિયાં.

—આછો ઘૂંઘટ ઉઘાડ, વદન વિકસાવ રે,
વાદળીઓને વેર, પ્રગટ મુખચન્દ્રની.

પ્રિયતમપ્રિય જોઇ લોકડિયાં લજ્જાશે રે,
વસન્ત તો પાંખડીએ પ્રેમ વધાવશે.

ધન્ય નયન ! શું હાસ્ય વિરલ હું પામ્યો રે !
આશીર્વાદ હ્રદયમાં ઉભરાતા ઝીલ્યા.

ભાલકમલસૌભાગ્યસુધા મ્હેં પીધી રે,
ધણુમાં નવ એ દૂધડિયાં લાધ્યાં મ્હને.

૧૭

ગોવાલણી

ડૂબે સૂર્ય ધીમે-ધીમે, ગોવાલણી રે લોલ !
નમે તારા લૂમે-ઝૂમે, ગોવાલણી રે લોલ !

ત્હમારાં અમૃત સમાં મ્હૈડાં, ગોવાલણી રે લોલ !
ત્હમારાં ચન્દ્ર સમાં હૈડાં, ગોવાલણી રે લોલ !

ઘાડી ઝાડીઓનાં ઝુંડો, ગોવાલણી રે લોલ !
ત્હમારો રાગ ઉડ્યો ઉંડો, ગોવાલણી રે લોલ !

તેજ આંખમાં પૂરાયું, ગોવાલણી રે લોલ !
મ્હને મધુરૂં શું પાયું, ગોવાલણી રે લોલ

૨૮

ભરતી ડોલે

હો સોમદેવ ! આથમી મા જઇશ,
　　　　કે ભરતી ડોલે ભલી રે:
હો સોમ ! ત્હને પોપચેથી પીશ:
　　　　કે ભરતી ડોલે ભલી રે.

હો સોમ ! ત્હારાં કિરણોનાં બાણ,
　　　　કે ભરતી ડોલે ભલી રે:
હો સોમ ! એ તો વીંધે પંચ પ્રાણ:
　　　　કે ભરતી ડોલે ભલી રે.

હો સોમ ! ત્હારી ચન્દનીને તીર,
　　　　કે ભરતી ડોલે ભલી રે:
હો સોમ ! હું તો પ્રેમનો અમીર:
　　　　કે ભરતી ડોલે ભલી રે.

હો સોમ ! ત્હારા મણિથી જડાવ,
　　　　કે ભરતી ડોલે ભલી રે:
હો સોમ ! મ્હારી મહારાણી લાવ:
　　　　કે ભરતી ડોલે ભલી રે.

૨૯

બોલે છે મોર

૧

બોલે છે મોર, બાલા ! બોલે છે મોર:
ત્હમારે બારણે બોલે છે મોર:
  કોયલ કરે મદશોર:
    સ્હાંજે, સુલોચના !
ત્હમારે બારણે બોલે છે મોર:
બોલે છે મોર, બાલા ! બોલે છે મોર.

૨

બોલે છે મોર, વ્હાલા ! બોલે છે મોર:
આપણે બારણે બોલે છે મોર:
  કોયલ કરે કલશોર:
    આજે કલાધર
આપણે બારણે બોલે છે મોર:
બારણે બારણે બોલે છે મોર:
બોલે છે મોર, વ્હાલા ! બોલે મોર:

૩૭

ફૂલ હું તો ભૂલી

વેણી ગૂંથી, ને મહીં ફૂલ હું તો ભૂલી;
ભૂલ્યું ભૂલાય કેમ એમ ?
અલબેલડી !
વેણી ગૂંથી, ને મંહી ફૂલ હું તો ભૂલી.

ઉગી આષાઢ કેરી વાદળી આકાશે;
દીઠો મંહી ભર્યો પ્રેમ,
અલબેલડી !
વેણી ગૂંથી, ને મંહી ફૂલ હું તો ભૂલી.

વાદળીમાં વીજળીની વેલડી ઝબૂકે;
દીઠી મંહી રસઆંખ,
અલબેલડી !
વેણી ગૂંથી, ને મંહી ફૂલ હું તો ભૂલી.

વાડીમાં મોરલા કલા કરી રહ્યા'તા;
દીઠી મંહી રૂપપાંખ,
અલબેલડી !
વેણી ગૂંથી, ને મંહી ફૂલ હું તો ભૂલી.

મીઠું શું આભની યે પાર કાંઇ ગાજ્યું;
સુણ્યા મંહી મુજ કાન્ત,
અલબેલડી !
વેણી ગૂંથી, ને મંહી ફૂલ હું તો ભૂલી.

અંગુલિના સ્પર્શ સમાં ફોરાં અડયાં, ત્ય્હાં
નાઠી હું ઓરડે એકાન્ત,
અલબેલડી !
વેણી ગૂંથી, ને મંહી ફૂલ હું તો ભૂલી.

૬૧

સ્નેહપર્વણી

હો રાજ ! ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી;
શરદની શોભિતી રસાળી,
મ્હારો આત્મા ડોલાવનવાળીઃ
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

આંબાની ડાળીઓએ વેલડી ઝૂકી હતી;
એવી મ્હને હાથમાં ઉછાળીઃ
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

તેજ કેરાં કિરણોની ગૂંથી રસમાલિકા
ચાંદલિયે અર્પી રઢિયાળીઃ
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

કમલનાં પાંદડાં શાં ઉરે ઉર પાથરી
કીધી મ્હને હૈયામાં હુંફાળી:
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

ફૂલડાંમાં ફૂલડાંની ફોરમ કો ઢાલવે,
મુખડે કંઇ મુખ એમ ઢાળી:
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

ફોડયા મુજ પ્રાણ માંહિ પ્રેમના ફૂવારા;
આંખડલી પ્રેમથી ઉજાળી:
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

પ્રીતમના પ્હેલેરા ચુમ્બનની પર્વણી
મ્હારી આ પૂર્ણિમા રૂપાળી:
હો રાજ !
ચાંદાની ચન્દની મ્હારે આ વ્હાલી.

૩૧
એ દિવસો

ચંદન છાંટી ચોક સમાર્યો વ્યોમનો,
રજની રસીલી હસતી લલિત વર હાસ જો !
ચાંદલિયો ઉર ભરી ભરી રસ કંઇ ઢોળતો,
આપણુ પણુ રમતાં'તાં વિરલ વિલાસ જો !
એવા યે દિવસો પણુ પ્રિયતમ ! વહી ગયા.

ફૂલફૂલની પાંદડીઓ મીંચઈ ઢળી જતી,
નમી નમી સુરભિ લેતા પ્રિયને ઉછંગ જો !
નયનોમાં નયનો ઢાળીને હેત શું
ઉજવ્યો ઉત્સવ સ્હમજી પરમ પ્રસંગ જો !
એવા દિવસ હતા, તે પ્રિયતમ ! વહી ગયા.

પ્રિયતમ ! એ શશીરાજ સ્હડન્ત અટારીએ,
પદે રમે ન્હાનકડો અનિલકુમાર જો !
ને મદભર રજનીનાં નયનો નાચતાં,
હૃદય ઝીલે સૌનાં અમૃતની ધાર જો !
એવા દિનનાં શમણાં પ્રિયતમ ! વહી ગયા.

પલ્લવમાં પલ્લવના પાલવ પાથરી
પંખી પ્હોડયાં ભીડીને પાંખ શું પાંખ જો !
વિલસે આજ જગત સહુ રસના અંકમાં,
અજબ વિલસતી અલબેલી તુજ આંખ જો
એવા રસદિવસો યે પ્રિયતમ ! વહી ગયા.

૩૩
સોણલાં

સ્નેહીનાં સોણલાં આવે, સાહેલડી !
    ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે :
હૈયાનાં હેત તો સતાવે, સાહેલડી !
    આશાની વેલ મ્હારી ઉગી ઢળે. ધ્રુવ

ચ્હડયું પૂર મધરાતનું, ગાજે ભર સૂનકાર :
ચમકે ચપળા આભમાં,
    એવા એવા છે પ્રિયના ચમકાર : રે સાહેલડી !
    ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.

ઝરમર ઝરમર મેહુલો વરસે આછે નીર :
ઉન્હે આંસુ નયનો ભીંજે,
    એવાં એવાં ભીંજે મ્હારાં ચીર : રે સાહેલડી !
    ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.

અવની ભરી, વનવન ભરી, ઘૂમે ગાઢ અન્ધાર;
ઝબકે મંહી ધુણિ જોગીની,
    એવા એવા છે પ્રિયના ઝબકારઃ રે સાહેલડી !
    ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.

ઝીણી જ્યોતે ઝળહળે પ્રિયનો દીપક લગીર :
પડે પતંગ, મંહી જલે,
એવી એવી આત્માની અધીર : રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.

ખૂંચે ફૂલની પાંદડી, ખૂંચે ચન્દ્રની ધાર :
સ્નેહીનાં સંભારણાં
એવાં એવાં ખૂંચે દિલે મોઝાર : રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.

૩૪

પ્રીતમ પધારે પરદેશમાં

કોઈ આવો આ વાર રે, રોકો નિરધાર રે,
　જીવનઆધાર રે પ્રીતમ પધારે પરદેશમાં.
મ્હારો રૂપનો અંબાર રે, ગુણનો ભંડાર રે,
　હૈયાનો હાર રે પ્રીતમ પધારે પરદેશમાં.

વ્હાલમ ! વસમી વાટ વનવગડાની વેગળી:
ઉરને હિન્ડોળાખાટ ઝૂલો, ઝૂલાવું હેતથી.
　અન્ધારી આ આજની રાતલડી:
　અન્ધારી અઘોર એવી વાટલડી:
　　કોઇ આવો આ વાર રે.

રૂપે મઢ્યો રંગઢોલિયો, મંહી માંડી સોનલ વેલ:
પ્રીતનાં પુષ્પો કો વીણશે, છાંડી જશો જો ? છેલ !

　પિયુજી ! ભવસાગરના ભેરૂ
　　વિધલખ્યા સહુને મળે, રે લોલ:
　પિયુજી ! ભરતીનાં વ્હેણાં પાણી
　　કે વાળિયાં નહીં રે વળે, રે લોલ:
　　કોઇ આવો આ વાર રે.

૩૫

પ્રીતમ પધારે ઘેર

હો માળિડા ! છાબ ભરીને લાવ્યે ફૂલ,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર:
હો માળિડા ! આપીશ અમૂલનાં યે મૂલ,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર.

હો ! આછો-આછો, પ્રારબ્ધનો રંગ હતો આછો,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર:
હો ! આજે મ્હારો આશાનો સૂર્ય ઉગ્યો પાછો,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર.

હો ! આઘી—આઘી ખારા સાગર કેરી વાટ,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર:
હો ! પાસે—પાસે ઉર કેરા મીઠડા ઘાટ
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર.

હો ! દેહ દઇ દેહનો પીધો સુધાપ્યાલો,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર:
હો ! પ્રાણ દઈ પ્રાણનો કીધો છે મ્હારો વ્હાલો,
કે આજ મ્હારે પ્રીમત પધારે ઘેર.

હો ! આજે મ્હારે અમાસની પૂર્ણિમા પ્રકાશે,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર:
હો ! આજે મ્હારૂં આયુષ્ય ભર્યું-ભર્યું ભાસે,
કે આજ મ્હારે પ્રીતમ પધારે ઘેર.

૩૬

અબોલડા

બાર બાર વર્ષના અબોલડા રે;
વ્હાલાંના બોલો બોલાય:
આજ વ્હાલાંના બોલો બોલાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
વ્હાલાંના ઝૂલે ઝૂલાય:
આજ વ્હાલાંના ઝૂલે ઝૂલાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
રસ કેરાં કુંકુમ ઘોળાય:
આજ રસ કેરાં કુંકુમ ઘોળાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
આંખોમાં આંખો ઢોળાય:
આજ આંખોમાં આંખો ઢોળાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
સ્નેહનાં ગીતો ગવાય:
આજ સ્નેહનાં ગીતો ગવાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
સ્નેહથી સ્નેહી પોપાય:
આજ સ્નેહથી સ્નેહી પોપાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
લજ્જાના પડદા ચીરાય:
આજ લજ્જાના પડદા ચીરાય:
ભાગ્યા અબોલડા રે.

બાર બાર વર્ષના અબોલડા રે;
હૈયામાં હૈયાં સમાય:
આજ હૈયામાં હૈયાં સમાય:
ભાગ્યા અબોલડા રે.

૩૭

માયા ઉતારી

આવ્યો આષાઢ, ગાઢ આભલાં છવાયાં;
આંસુડે ચીર સૌ ભીંજાયાં;
સુહાગી દેવ !
એવાં શાં આજ રાજ ! માયા ઉતારી ?

ચન્દા ને સૂર્ય મ્હારા જ્યહાં સદા સમાણા,
આંખોનાં તેજ એ હોલાણાં:
સુહાગી દેવ !
એવાં શાં આજ રાજ ! માયા ઉતારી ?

પૃથ્વીનાં પુણ્ય જ્યહાં પ્રકાશતાં મ્હેં દીઠાં,
આત્મામૃત ઓસર્યાં એ મીઠાં,
સુહાગી દેવ !
એવાં શાં આજ રાજ ! માયા ઉતારી ?

વિશ્વના વિલાસ જે ભ્રુકુટિમાં વિરાજે,
નાચે ન નેણ એહ આજે:
સુહાગી દેવ !
એવાં શાં આજ રાજ ! માયા ઉતારી ?

હૈયાંના મેઘનો હિંચે છ જી હિંડોલો :
આશાનો એક બોલ બોલો :
સુહાગી દેવ !
એવાં શાં આજ રાજ ! માયા ઉતારી ?

૩૮

દીઠો'તો પ્હોર

ઘેલૂડો ચિત્તચોર
પ્રીતમને દીઠો'તો પ્હોર.

શરદને આભલે ભીને વાન દીઠો,
મીઠડલો એ મોર :
                    પ્રીતમને દીઠો'તો પ્હોર.

ભીની ભીની વાદળી ભરી ભરી આવે,
જોબનનું એ જોર :
                    પ્રીતમને દીઠો'તો પ્હોર.

હાથમાં રમાડતો'તો કમળની ડાંખળી,
કાળજડાની જ કોર :
                    પ્રીતમને દીઠો'તો પ્હોર.

ચિત્તને આકાશ એહ ઉડતો અનેરૂં,
ચાંદરણામાં ચકોર :
                    પ્રીતમને દીઠો'તો પ્હોર.

આજે બોલે છે મ્હારા અન્તરની ગ્રીષ્મે
કોયલડી મદ્દશોર :
                    પ્રીતમને દીઠો'તો પ્હોર.

આઠ-આઠ માસની અખંડ પડી મ્હારે
રાતલડી યે અઘોર :
                    પ્રીતમને દીઠો'તો પ્હોર.

૩૮

મનોહર એ

મનનો હરનાર મનોહર એ,
હું ક્યહાં શોધું મનનો હરનાર મનોહર એ ?
સખિ ! કઇ કુંજે મનનો હરનાર મનોહર એ ?

જીવનનીર મ્હારાં ઘેરાં ઘેરાં વ્હેનારાં,
જલ કેરે કાંઠડે ઉભો એ ;
વાટ ભરીને ઊંડો પડછાયો પાડયો રૂડો,
હૈયે તો હેતથી ઝીલ્યો એ:

ક્યમ જાય ઘડી યે ભૂલ્યો એ ?
મનથી વરી છું વ્હાલમો એ :
હું ક્યહાં શોધું મનનો હરનાર મનોહર એ ?
સખિ ! કઇ કુંજે મનનો હરનાર મનોહર એ ?
મનનો હરનાર મનોહર એ.

૪૦
વસન્તમાં, સખિ !

ફૂલડે નમેલી ફોરે છ વેલી,
માઝમ રાત અલબેલી,
રસની હેલી રે રેલી વસન્તની, સખિ !

સુણું છું આછેરાં કે કદિ ઘેરાં,
પ્રભુનાં તેજ શાં અનેરાં,
રસિકો કેરાં રે ગીતો વસન્તનાં, સખિ !

કોકિલકુંજે, ગહન નિકુંજે,
ડોલન્ત મ્હોરના પુંજે,
વનમાં ગુંજે રે પંખી વસન્તનાં, સખિ !

જપી નામમાલા, સ્મરી સ્મરી વ્હાલા,
ભરી સુર સ્નેહના રસાલા,
વાય કો બાલા રે વેણુ વસન્તની, સખિ !

લોક ઉલ્લાસે, વિશ્વ વિલાસે,
સોહન્ત ચન્દ્રિકા ઉજાસે ;
કહે, કાં ન હાસે રે
આત્મા વસન્તમાં ? સખિ !

૪૧

ફૂલડાંકટોરી

ચન્દ્રીએ અમૃત મોકલ્યાં, રે બ્હેન !
ફૂલડાંકટોરી ગૂંથી લાવ,
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

અંજલિમાં ચાર–ચાર ચારણી, રે બ્હેન !
અંજલિએ છૂંદણાંના ડાઘ :
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

ઝીલું નહીં તો ઝરી જતું, રે બ્હેન !
ઝીલું તો ઝરે દશ ધાર :
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

ફૂલડાંમાં દેવની હથેળીઓ, રે બ્હેન ?
દેવની કટોરી ગૂંથી લાવ :
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

૪૨

વિદાય

જાઓ સખિ ! ત્ય્હાં, સિધાવો હવે તો
સરોવરનીર જ્યંહાં હેલે ચઢ્યાં :
સલૂણી ! જે કુંજમાં જન્મ્યો તુજ મોરલો,
સુન્દર કલાપ ઇન્દ્રરંગે મઢ્યા.

અમે તો જોગીડા, ભમતા પ્રવાસી,
વરવો ગે વેશ, ને વરવી દશાઃ
રસના અબૂઝ, અમે ભેખના ઉપાસી,
અતિથિ આવી ઘડી આંગણુ વસ્યા.

આવે જો ! તારિકાના સહિયરસાથમાં
ધૂમકેતુ કો જટાધારી, ભલા !
ભયકારી, ભાગ્યભૂલાવનારાઃ
એવી અમારી ગે અભાગી બલા.

સુધાસુહાગી શીળી ત્હારે તો ચન્દ્રિકા,
ધખતી ધૂણીના અમે તપસી જૂનાઃ
ખાખી વૈરાગી ને જતી ને જોગટા,
જાદુગારા ધૂતારા હૈયાસૂના.

આયુષ્યનો અન્ત, ને ધરતીનો છેડલો,
જીવનઆરો, નભડૂબકી સખિ !

જગતની બોલીમાં એક એહ બોલ છે,
'આવજો,' 'હું જાઉં છું,' વિદાય છે, સખિ ! '

દેવોની પાંખ છાંય ઢાળજો સદા યે,
ત્રિવિધના તાપને નિવારજો ઝીલી;
આત્મની વિભૂતિ, ત્હારાં સ્નેહનાં સૌભાગ્યને
સીંચી અમી એ અમર કરજો કળી.

વીત્યા દિવસ કોઇ પાછા ન ઉગતા,
ઉગે તે કોક આથમ્યાની સમા :
શુભ માનો તો આશિષ આપજો,
દૂભવ્યાં હોય તો દેજો ક્ષમા.

❦

૪૩

માફ કરજે, બાલા !

અમે જોગીના જોગ માફ કરજે, બાલા !
ત્હારા ભોગીના ભોગ અંગ ધરજે, બાલા !

અમે સ્નેહ કેરા સાધુ, માફ કરજે, બાલા !
મળ્યા મુખડાના માધુ ત્હારા, વરજે, બાલા !

અમે સુખના સંન્યાસી, માફ કરજે, બાલા !
હવે હસતા શું હાસી કોડ પૂરજે, બાલા !

અમે સ્મરણોના સંગી, માફ કરજે, બાલા !
મીઠી રમતોના રંગીને નોતરજે, બાલા !

અમે રસના ઉપાસી, માફ કરજે, બાલા !
રૂડા વિશ્વના વિલાસી સાથ સરજે, બાલા !

અમે તનડાના ત્યાગી, માફ કરજે, બાલા !
એક સુન્દર સોહાગી સંગ ઠરજે, બાલા !

અમે રૂપના ઉદાસી, માફ કરજે, બાલા !
ત્હારા યૌવનની પ્યાસી આંખ ભરજે, બાલા !

અમે રંક, કશું દઇએ ? માફ કરજે, બાલા !
ભરી લક્ષ્મીને હઇએ સદા તરજે, બાલા !

અમે દાઝ્યાં ને દઝાડયાં, માફ કરજે, બાલા !
જગતઝાળમાં જગાડયાં, તે વિસરજે, બાલા !

અમે તપનાં વ્રત લીધાં, માફ કરજે, બાલા !
દુઃખ દિલડાને દીધાં, તે વિસરજે, બાલા !

અમે આશા ઉચ્છેદી, માફ કરજે, બાલા !
પડયા અન્તરાય ભેદી દયા ઝરજે, બાલા !

૪૪

મદનનાં મહારાજ્ય

ભુવન ભુવન મદનનાં મહારાજ્ય રે,
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ !
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ !

સુન્દરી વિનાનું નથી સદન કો, સખિ !
સુન્દરીને નયન એના વાસ રે,
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ !

ફૂલડાં વિનાની નથી વાડી કો, સખિ !
ફૂલફૂલથી ઉડે એનાં બાણુ રે,
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ !

૪૫

દંશ

હાંરે મ્હને ઝેરી નાગોએ ડંખ દીધા,
 હો સન્ત ! હાવાં કેમે ઉતારશો એ ઝેર ?
હાં રે મ્હને ઘેરી સચોટ બાણ વીંધ્યાં,
 હો સન્ત ! ઘાવ ઉરના રૂઝાવશો શી પેર ?

ઉંચી ઉંચી તારલી એ મીટ માંડી મટકે,
 સન્તાય મ્હારી પાંપણ વિશે દિનરેન :
રહી રહી ઝીણું ઝીણું હો સન્ત ! ખટકે,
 અંજાય મ્હારાં લોચન વિશે મદઘેન.

ડોલે પેલી કમલિની જલ કેરી હેલે,
 વસન્તજલે એવા ડોલે ફૂલપ્રાણ :
મધુપ મ્હણે ગુંજે, પરાગ ઢળે વેલે,
 અખંડ ફુવ્હારે રેલે એવા રસલ્હાણ ?

લળી–ઢળી આસોપાલવ કેરી ડાળી,
 ઉપર કોયલ ટહુકા કરે મધુઘોષ :
હતી એક ઇક્ષુના દંડ સમી બાળી;–
 નજર ! કેમ કાળી ગોરંભે ભરશોષ ?

૪૬

પાણીડાં

ભર્યાં-ભર્યાં સરોવર મ્હાંય રે
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં:
મહાવાયુ તોફાન કેરા વાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં:
મીઠાં વારિ સખિ ! એટલાં ડહોળાય રે
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં.

ઘૂમે મહાજલ, તરંગ પ્રચંડ ડોલે,
ઘેરે રવે ગહન નીર અનેરૂં બોલે.

એક ચાંદરણું આભમાં લ્હેરાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં:
એક પોયણું ખીલે ખીલે, બીડાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં:
એક દીવડા દીપે દીપે, મીંચાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં.

પૂર્વે ઉગી પરમ ઉજ્જ્વલ ચન્દ્રલેખા,
ને ઉર્મિ ઉર્મિ પર રાસનું નૃત્ય માંડી
પાડી જલે અમૃતપાનની તેજરેખા.

આછી–આછેરી આભલાંની છાંય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં:
ઝીણી–ઝીણેરી ચન્દની સુહાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં હેલે ચ્હડયાં:
એવાં વ્હાલાંનાં સ્વપ્ન આવે જાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં.

સન્ધ્યા સમે અવનીના પટ ફોડી ફોડી
જેવી ફૂટે તિમિરની વિભુ મોજમાલા,
ત્હેવા સરોવર તણા તટ તોડી તોડી
તોફાની મસ્ત જલના ઉછળે ઉછાળા.

મહાપૂર એ ન પાળમાં પૂરાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં:
ત્હો ય માઝા ન સાગરે મૂકાય રે,
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં :
મ્હારા હૈયાના સરોવર મ્હાંય રે
પાણિડાં હેલે ચ્હડયાં, હેલે ચ્હડયાં.

૪૭

વેણુ

આકાશ ઉભું ધરી ઉદયાચળ થાળમાં;
આકાશે નાંખ્યું મ્હેં વેણુ :
વેણુ મ્હારૂં નન્દવાણું રે.

પ્રારબ્ધ આવ્યું ભરી ફૂલડાંની છાબડી;
ફૂલડાંનું નાંખ્યું મ્હેં વેણુ :
વેણુ મ્હારૂં નન્દવાણું રે.

ઉતરી વિધાત્રી લઇ કુંકુમકંકાવટી,
કુંકુમનું નાખ્યું મ્હેં વેણુ :
વેણુ મ્હારૂં નન્દવાણું રે.

દેવી પધાર્યાં, હતી રસભીની આંખડી;
રસ કેરૂં નાખ્યું મ્હેં વેણુ :
વેણુ મ્હારૂં નન્દવાણું રે.

વેણુ નન્દવાણું, સૌભાગ્ય નન્દવાણું;
મ્હારૂં એક અદ્વિતીય વેણુ :
વેણુ મ્હારૂં નન્દવાણું રે.

૪૮

ભૂલી જજે

કુંજ કુંજ ફોરે નવરંગ ફૂલડાં રે;
  આભમાં ઉજળો ઉગે ચન્દ્ર જો !
કોયલડી ફુલ્હાંકથી ટહુકા કરે રે,
  પ્રગટે વસન્તનો આનન્દ જો !
  હો સખિ ! ત્યાહરે હતું તે ભૂલી જજે રે.

વાદળીને હિંડોળે ભેહુલો રે
  ઘેરૂં ગભીરૂં ગંભીરૂં ગાશે જો !
વાજળીની વલિ વિહાસશે કંઠમાં રે,
  રસની અમુલખ ઝડીઓ વાશે જો !
  હો સખિ ! ત્યાહરે નથી તે ભૂલી જજે રે.

મુખડે છાયાં અમૃત દેવનાં રે,
  નયણે ઝબકે નમણો નેહ જો !
અંગ અંગ ઉછળે ભરતી વિલાસની રે,
  સુન્દરી સોહે સમારીને દેહ જો !
  હો સખિ ! ત્યાહરે ગયું તે ભૂલી જજે રે.

શરદની રાતલડી રળિયામણી રે,
  ચંદનીથી ભરિયો ઘરનો ચોક જો !

પ્રિયની કીકીમાં પ્રિયતમ ડોલતા રે,
　　સુખના નવલા ઝૂમે ઝોક જો !
　　હો સખિ ! ત્યાહરે વીત્યું તે ભૂલી જજે રે.

પણ પછી ક્‌ય્હારેક પ્રભુમન્દિરમાં રે
　　છૂપલાં અન્તર્દ્વાર ઉઘડશે જો !
ને તુજ રસભર ઉરના ધામને રે
　　પ્રભુનાં નિર્મળ તેજ સુહવશે જો !
　　હો સખિ ! ત્યાહરે સર્વ કાંઇ સંભારજે રે.

૪૯

મ્હારૂં પારેવું

મ્હને પાછું આણીને પેલું આપો, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
પેલી પુણ્યે હો ! બાંધેલી પાંખ : પ્રાણ ! મ્હારૂં પારેવું.
મણિફૂલ જેવી કલગી નચવતું, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
લાવો મીઠી એ નેહ ભરી આંખ: પ્રાણ ! મ્હારૂં પારેવું.

ભર્યું ભર્યું સરોવર ડોલે, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
તીરે નમણી લજામણીની વેલ, પ્રાણ ! મ્હારૂં પારેવું.
ત્ય્હાંથી નીકળી મ્હેં રમવાને ધીર્યું, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
મંહી સારસ ખેલતાં'તાં ખેલ : પ્રાણ ! મ્હારૂં પારેવું.

જરા ચુંબ્યું-ન ચુંબ્યું, ને ઉડ્યું, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
ઉડ્યું ઉંડાં જ્ય્હાં ઉઘડે આકાશ: પ્રાણ ! મ્હારૂં પારેવું.
લીધું રમવા તો એમ ન્હોય કરવું, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
દીધો કોલ, પછી ભાગવી ન આશ: પ્રાણ ! મ્હારૂં પારેવું.

જોઇ મ્હેં તો સંસાર કેરી ઝાડી, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
શોધ્યાં મન્દિર મ્હી ને વનદેશ: પ્રાણ ! મ્હારૂં પારેવું.
જોયાં પંખી પશુ જન દેવો, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
નથી લાધ્યું, ન સુણ્યો યે સન્દેશ : પ્રાણ ! મ્હારૂં પારેવું.

મ્હારે સારી દિશાઓ ય સૂની, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
સૂના સૂના અન્તરના આવાસ : પ્રાણ ! મ્હારૂં પારેવું.
પાય લાગું, આણી દ્યો મ્હને પાછું, રે પ્રાણ ! મ્હારૂં પારેવું:
મારા આત્માનો એ તો ઉજાસ : પ્રાણ ! મ્હારૂં પારેવું.

૫૦

મોગરાની વેલ

મોગરાની વેલ મ્હારી લૂમે ને ઝૂમે :
ખીલ્યાં ગોરાં ગોરાં ફૂલ,
મ્હારી લૂમે ને ઝૂમે.

ભમરો આવ્યો ને બેઠો, અડકી ને ઉડ્યો :
લાગ્યા ભમરાના કાળા ડાઘ,
મ્હારી લૂમે ને ઝૂમે.

ચન્દ્રે લ્હોયા, ને કાંઈ સૂર્યે યે ધોયા :
ધોયા મ્હેં નયણાંને ધાર,
મ્હારી લૂમે ને ઝૂમે.

લ્હોયા લ્હોવાય નહીં, ધોયા ધોવાય નહીં :
કાળા ભમરાના કાળા ડાઘ,
મ્હારી લૂમે ને ઝૂમે.

જોગી પધાર્યા ભેખધારી કો કારમા :
છાંટ્યાં મન્ત્રીને જોગનીર
મ્હારી લૂમે ને ઝૂમે.

નિર્મળાં ધોવાયાં મારાં ગોરાં ગોરાં ફૂલડાં :
વાસના કંઈ પુણ્યની પમરાય
મ્હારી લૂમે ને ઝૂમે.

૫૧
આશા-નિરાશાનો ચન્દ્રમા

ચન્દ્રમા જી રે ઉગ્યો સખિ ! આજ મ્હારા ચોકમાં,
આશા-નિરાશાનો ચન્દ્રમા જી રે;
ચન્દ્રમા જી રે ઉગ્યો છે ભગવે ભેખ જો !
યોગી-વિયોગી શો ચન્દ્રમા જી રે.

કરે ગગનના ગોખમાં ચાંદલિયો ચમકાર;
ઉરને સરવર પોયણાં ઉઘડે અપરંપાર.

સખિ ! એક એકાકી ચાંદલો ઉગિયો;
સખિ ! એ તો શોભે છે આભલાંને ગોખ;
મ્હારા માથાને મુગટે આવે નહીં રે.
ચન્દ્રમા જી રે ઉગ્યો સખિ ! આજ મ્હારા ચોકમાં,
આશા-નિરાશાનો ચન્દ્રમા જી રે.

ઘડી તપશે-ને આથમશે ચન્દ્રમાની કોર;
એવા તપશે ?-કે આથમશે ઉરના અંકોર ?
કોઈ કહેશો ? હો રાજ !
કોઈ કહેશો ? હો રાજ !
આયુષ્યે અજવાળિયાં ક્યહાં સુધી ?

ચન્દ્રમા જી રે ઉગ્યો છે ભગવે ભેખ જો !
યોગી-વિયોગી શો ચન્દ્રમા જી રે;
ચન્દ્રમા જી રે ઉગ્યો સખિ ! આજ મ્હારા ચોકમાં,
આશા-નિરાશાનો ચન્દ્રમા જી રે.

૫૨

સંભારણાં

રૂપલા રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝૂલે રસપારણાં, હો બ્હેન !
ત્હારે ઝબકે ઝીણાં અતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

શરદ પુનમનો ચાંદલો ઘડી ચમકીને જાય;
વરસ દિવસ વીત્યે સખિ ! દોહ્યલ દર્શન થાય.

અન્ધારી રજનીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝૂલે રસપારણાં, હો બ્હેન !
ત્હારે ઝબકે અમૃતઅતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

મેઘ ઝરે, રસ નીતરે, આંબો ઝોલાં ખાય;
ખીલે ન મ્હોર, ન મંજરી: સખિ ! નથી આ ઋતુરાય.

સૂની રજનીઓમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝૂલે રસપારણાં, હો બ્હેન !
ત્હારે ઝબકે સાજનઅતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

દૂર દૂરની કુંજમાં મોર કરે ટહુકાર;
સખિ ! ટહુકામાં જીવતું, મોંઘા મોરદિદાર.

લાંબી રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં હો બ્હેન !
ઝૂલે રસપારણાં, હો બ્હેન !
ત્હારે ઝબકે ઉરના અતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

૫૩
હતો

એક એક વીરો હતો, વીરો હતો:
ત્હેની બ્હેનીને પાટ જઇ બેઠો:
    હો ! એક-એક વીરો હતો, વીરો હતો.

એક-એક સ્વામી હતો, સ્વામી હતો:
ત્હેની વ્હાલીને વાટ જઇ બેઠો:
    હો ! એક-એક સ્વામી હતો, સ્વામી હતો.

એક-એક જોગી હતો, જોગી હતો:
ત્હેની જોગણુને ઘાટ જઇ બેઠો:
    હો ! એક-એક જોગી હતો, જોગી હતો.

સૂનાં સૂનાં સ્નેહધામ

૧. સૂનાં મન્દિર, સૂનાં માળિયાં,
ને મ્હારા સૂના હૈયાના મહેલ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે :

આથી આશાઓ મ્હારા ઉરની,
ને કાંઈ આઘા આઘા અલબેલ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૨. સૂના સૂના તે મ્હારા ઓરડા,
ને એક સૂની અન્ધારી રાત રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

પાનાં પ્રારબ્ધનાં ફેરવું,
મંહી આવે વિયોગની વાત રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૩. સૂની વસન્ત, સૂની વાડીઓ,
મ્હારાં સૂનાં સ્હવાર ને બપ્પોર રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે :

સહિયરને સંઘ હું બ્હાવરી,
મ્હારો ક્યહાં છે કળાયેલ મોર રે !
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૪. સૂનું સૂનું આભઆંગણું,
ને વળી સૂની સંસારિયાની વાટ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે :
માથે લીધાં જલબેડલાં,
હું તો ભૂલી પડી રસવાટ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૫. સૂની સૂની મ્હારી આંખડી,
ને પેલો સૂનો આત્માનો આભ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે :
પ્રીતમ ! પ્રીત કેમ વીસર્યાં ?
એવો દીઠો અપ્રીતમાં શો લાભ રે ?
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૬. સૂનાં સૂનાં ફૂલે ફૂલડાં,
મ્હારાં સૂનાં સિંહાસન, કાન્ત રે !
સ્નેહધામ સૂનાં સૂનાં રે:
આંબાની ડાળી મ્હોરે નમી,
મહીં કોયલ કરે કલ્પાન્ત રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૭. સૂનો સૂનો મ્હારો માંડવો,
ને ચારૂ સૂના આ ચન્દનીના ચોક રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે ;

રસિયાને રંગમહેલ એકલી,
મ્હારે નિર્જન ચૌદે ય લોક રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

સૂનો હિન્ડોલો મ્હારા સ્નેહનો,
ને કાંઇ સૂનો આ દેહનો હિન્ડોલ રે,
સ્નેહધામ સૂનાં સૂનાં રે:

વ્હાલાની વાગે દૂર વાંસળી,
નાથ ! આવો, બોલો એક બોલ રે:
સ્નેહધામ સૂનાં સૂનાં રે.

૫૫

વસન્તગીત

કોયલડી ! ત્હરી મોરલી મધુરી જરા છેડી જજે !
હીંચે—નમે તું કાંઇ આંબલિયાને ડાળ જો !
કોયલડી ! ત્હારી મોરલી મધુરી જરા છેડી જજે !

રંગ્યાં દિશાચીર વિધુની વિશુદ્ધિરંગે,
અર્ચ્યાં પ્રભાની અરચી દિનને દિનેશે;
નવગન્ધકોપ કંઇ ગન્ધવતી ઉઘાડે :
ઉઘાડીને ઘૂંઘટ ગાવ, વસન્ત સખિ ! પધારે.
કોયલડી ! ત્હારી વેણુથી વસન્ત દેવી સત્કારજે !

૨

કોયલડી ! ત્હારા વનમાં પ્રભાત આજ ઊંડાં ઉગે,
સોનારૂપાની મંહી રમતી રેખ અનન્ત જો !
લાંબી શિશિર તણી રજની ચીરી ! આજ ડૂબી જતી,
સાત્ત્વિક પ્રકાશને પગલે પધારે વસન્ત જો !

માડડી,
સાન્ત્વની,
ભાગ્ય સમ સંજીવિની,
જગજ્જીવન મન્ત્ર શી ઉદ્ધારિણી;
પ્રભુકિરણ સરિખી સકલસંચારિણિ,
પ્રાચી—પ્રતીચી દિગ્ભુવનઃ સૌની પરમ કલ્યાણિની :

સાત્ત્વિક પ્રકાશને પગલે પધારે વસન્ત જો !
 કોયલડી ! ત્હારી વેણુમાં વસન્ત દેવી સત્કારજે !

૩

પડઘો ક્ય્હાં પડ્યો ? રસબાલ !
ભેદી બીષણ જગના દુર્ગ અનિલ ક્ય્હાં આથડ્યો ? રસબાલ !
ઉપર જ્ય્હાં અનહદ બાજે સાજ, દુન્દુભિરવ ત્ય્હાં ચ્હડ્યો ? રસબાલ !
 પડઘો ક્ય્હાં પડ્યો ? રસબાલ !

 સંસ્કૃતિનાં સૈન્ય વ્યૂહો માંડતાં,
 પૂર્ણિમા ને અમાસ નેજા ખોડતાં,
 યશકિરીટી ઇન્દ્ર પુષ્પ વધાવતા,
ગન્ધર્વ જયનાં ગાન નિજ વેણુ ભરી વાતા જતાઃ

આછેરી પીંછીથી બ્રહ્માંડતીર્થ આલેખિયાં,
 ધૂમે પ્રશસ્ત તટે મન્દાકિનીનાં નીર જો !
સુરો–અસુરોની મેદની અખંડ ત્ય્હાં રાસે રમે,
 નૃત્યનેતા અમીમોરલી હલકે સુધીર જો !
 પદતાલી ભવ્ય ધમકે મહાગમ્ભીર જો !
 કોયલડી ! ત્હારી વેણુથી અનેરી વેણુ વાગે ત્યહાંઃ
 કોયલડી ! સહુ વેણુના વિલોલ શબ્દ જાગે ત્યહાં.

રમે–રચે ચૌદ ભુવનને દડે પરમ ભારતરણ અવધૂત કાલ,
 પડઘો ત્ય્હાં પડ્યો, રસબાલ !

૪

ફૂલડાંની આંખોમાં વસન્ત ! કાંઇ આંજ્યું ત્હમે,
 આંજો જાદુગર આંજણુ એ મુજ નેન જો !

મ્હેકતું,
મ્હેકાવતું,
પ્રાણને ચેતાવતું,
વિરલ સૌન્દર્યે કદી કદી ભાસતું,
પ્રિયનયનની કાન્તિમાં સ્થિર વાસતું,
સ્નેહના સોહાગ સમ સપ્રભ યશસ્વી વિલાસતું :

ફૂલડાંને-ફૂલડાંને પગલે વસન્ત ! પધારજો !
આવ્યાં વને તો દેવિ ! આવજો માનવ દેશ જો !
ચાંદાસૂરજ કેરી જ્યોતિ પામરીએ પરિમળે,
આપી જજો એ દેવપરિમલના આદેશ જો !
આવો વસન્ત ! પ્રાણઆંગણના આભ અમે વાળી લીધાં.

૫

કોયલડી મ્હારે બારણે હો બ્હેન ! કાલ બોલી જજે !
કાલે મ્હારે ઘેર પ્રભુજીનાં વરદાન જો !
કાલે મ્હારે ઘેર વસન્ત દેવી મહેમાન જો !
કોયલડી ! ત્હારી મોરલીનાં વીંધ બ્હેન ! ખોલી જજે !
વીંધે-વીંધે તે વહે વ્હાલમ કેરાં વેણુ જો !
વીંધે-વીંધે તે કહે વ્હાલમ કેરાં કહેણુ જો !
કોયલડી ! મ્હારે બારણે વસન્તમન્ત્ર બોલી જજે !

૫૬

રાજકુમારી

નયન નયને રે, નયન નયને પધારો, રાજબાલ !
ઘેલાં નયણાં તલપે ત્હાં ઘડિક આવજે રે લોલ :
ભવન ભવને રે, ભવન ભવને ત્હમારાં, રાજબાલ !
ઊંડા આદેશ કિરણોમાં કહાવજે રે લોલ.

મધુર મધુર મુખડે હસો વિરલ તેજનાં હાસ :
હેરી હેરી હરખશું અધઉઘડયાં એ વિલાસ.
મ્હોરી વસન્તની વાડીઓ, હો જગલક્ષ્મિ !
કરે કોયલડી ટહુકાર, હો આવજો જગલક્ષ્મિ !
ધીમાં ધીમાં રે, ધીમાં ધીમાં પધારો, રાજબાલ !
ઘેલાં નયણાં તલપે ત્હાં ઘડિક આવજે રે લોલ.

અમીરંગી નિજ સાળુનો પાલવ જોતી રસાળ,
ચાલી ચન્દનચોકમાં રસઅભિલાષુ બાળ.
વીણી ગૂંથી ઉરની પ્રભા, હો મદભરિયાં !
લીધી કરકમલે વરમાળ, હો આંખડી મદભરિયાં !
એવાં અધીરાં રે, એવાં અધીરાં મ હોય, રાજબાલ !
ઊંડા આદેશ કિરણોમાં કહાવજો રે લોલ.

ઉગ્યાં, ઉગમણે વસો ઉગી પુનમ અખંડ :
અમૃતલેખિનીથી લખ્યો સ્નેહમન્ત્ર ઉરખંડ :

ઘેરૂં ઘેરૂં જરા ડોલતાં, હો રસદેવિ !
હવે પરવરશો ક્યહાં પરદેશ ? હો મીઠડાં રસદેવિ !
પ્રાણુતખ્તે રે, પ્રાણુતખ્તે પધારો, રાજબાલ !
ઘેલાં નયણાં તલપે ત્યહાં ઘડિક આવજો રે લોલ :
ઘેલાં હઇડાં જલ્પે ત્યહાં કદિક આવજો રે લોલ.

વીરાંગના

સખી ! મ્હારા વીરના ગઢો જો ! ઉંચા આકાશમાં રે,
સખી ! મ્હારા પાલવની કોર શેષ સાથે છે જો !
સખિ ! મ્હારી આંખડીમાં કોટિ કોટિ ભાનુ તપે રે,
સખી ! મ્હારી નણુદલનો વીર મ્હારે માથે છે જો !

રસે ભરી રાજબાલ, ત્હો ય હું તો વીરાંગના રે.

સખી ! મ્હારા ઓઢણાની ભાત કાંઇ યમની ગૂંથી રે,
સખિ ! મ્હારી છાયામાં ઝેર લીલું છાજે છે જો !
સખિ ! મ્હારી કાન્તિ માંહિ જોગણીનાં ખપ્પર ઝીલે રે,
સખિ ! મ્હારાં કંકણોમાં પ્રલયગીત ગાજે છે જો !

રસે ભરી રાજબાલ, ત્હો ય હું તો વીરાંગના રે.

સખિ ! મ્હારા નાથની શમશેર કાંઇ હૂલે-ઝૂલે રે,
સખિ ! મ્હારી તેજીલી કટાર તેજ પીએ છે જો !
સખિ ! મ્હારા વીરના સામન્ત મ્હેલે ઝૂમે-ઝૂમે રે,
સખિ ! મ્હારી સહિયરનાં શસ્ત્ર હીંચ લીએ છે જો !

રસે ભરી રાજબાલ, ત્હો ય હું તો વીરાંગના રે.

૫૮

હૈયાના દેવહુતાશ

સખિ ! હૈયાના દેવહુતાશના પ્રકાશ
ઘરઘરમાં કરશે ઉજાસ.

ઘરમાં ને પુરમાં પ્રકાશ એ પ્રકાશશે;
અનિત્યને નિત્ય કરી કરીને ઉજાળશે:

રસિકોનાં પૂરશે એ આશ-અભિલાષ
હૈયાના દેવહુતાશ.

નરનાં આત્મા માંહિ નારીના નેહ છે;
નારીના આત્મામાં નર કાજે સ્નેહ છે;

દ્વૈતમાં અદ્વૈતના એ રાસ ને ઉલ્લાસ
હૈયાના દેવહુતાશ.

સખિ ! હૈયાના દેવહુતાશના પ્રકાશ
યુગયુગમાં કરશે ઉજાસ.

૫૯

હો ! રણને કાંઠડલે રે

પાછલી તે રાતનાં અજવાળિયાં રે;
ચન્દનીથી ચીતર્યો સમીર :
હો ! રણને કાંઠડલે રે.

પંચાસરે તે પાંચ સરોવરો રે:
પુણ્યપાપચીતરેલાં નીર :
હો ! રણને કાંઠડલે રે.

કૂંદડીની ભાત ભલી દાખવતાં રે
આભલાંથી ચીતરેલ વ્યોમ :
હો ! રણને કાંઠડલે રે.

જ્હાંજલાલી જૂની ગુજરાતની રે:
ઇતિહાસચીતરેલી ભોમ :
હો ! રણને કાંઠડલે રે.

રંક અને રાજવીની વાતલડી રે:
દુઃખસુખચીતર્યું અનિત્ય :
હો ! રણને કાંઠડલે રે.

કાળ કેરા આંકડા ઉકેલતાં રે
હર્ષશોકચીતરેલું ચિત્ત :
હો ! રણને કાંઠડલે રે.

૬૭

ગરમ દેશનાં પંખીડાં

અહો રાજ ! અમે રે પંખીડાં ગરમ દેશનાં.
વાય હિમવતા વાયુ,
ત્હેમાં લાંબાટુંકા આયુ :
રાજ ! અમે રે પંખીડાં ગરમ દેશનાં.

અહો રાજ ! અમારા દેશોમાં સૂરજ શોભતા;
રૂડી કેસરિયાળી ટશરો,
એની ઉમંગ ભરી અસરો :
રાજ ! અમે રે પંખીડાં ગરમ દેશનાં.

અહો રાજ ! અમારી વાડીમાં ફૂલો ફોરતાં;
ખીલે કળી મધુર મધુર,
એવાં ખીલે મીઠાં ઉર :
રાજ ! અમે રે પંખીડાં ગરમ દેશનાં.

અહો રાજ ! અમારી શિતોષ્ણ હવા ઉજ્જવળી;
મહીં તેજના તરંગ,
એવા આત્મના ઉછરંગ :
રાજ ! અમે રે પંખીડાં ગરમ દેશનાં.

૬૧

પીછજો એ પ્રેમને

પ્રીછજો એ પ્રેમને, હો પૌરવકુલમોર !
આપ ચન્દ્રદેવ, એ ચતુરા છે ચકોર.

આભકાંઠે ઉભી જગ કરો છો ઝાકઝમોર :
એક એને નહીં ઉજાળો ? અમૃતના ચોર !
આપ ચન્દ્રદેવ, એ ચતુરા છે ચકોર.

આડું જૂવે, પાછું જૂવે, ઐકારે સાળુકોર :
અણબોલી ઉડન્તી કરે આંખડલી મદશોર :
પ્રીછજો એ પ્રેમને, હો પૌરવકુલમોર !

ખમ્મા વીરાને

ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ :
મોંઘામૂલો છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ

એક તો સુહાગી ગગનચાંદલો રે લોલ :
બીજો સુહાગી મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

રાજ તો વિરાજે રાજમન્દિરે રે લોલ :
પારણે વિરાજે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

ચંપો ખીલે છે ફુલવાડીમાં રે લોલ :
કુલમાં ખીલે છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ :
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

એક તો આનન્દ મ્હારા ઉરનો રે લોલ :
બીજો આનન્દ મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

દેવે દીધી છે મ્હને માવડી રે લોલ :
માડીએ દીધો મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

૬૩
વીરાને વધામણાં

દેજો-દેજો વાદળનાં વિહંગ ! વીરાને વધામણાં !
વીરા ! આ તે કેવા ત્હારા ઢંગ ? કીધાં અમને દામણાં.

આવ્યો લઇને કુટુંબ પરિવાર, ને ભાભી સુહાગિણી :
અમ કુંજે એ કરી ટહુકાર ઉડ્યો ઘરની ભણી.

કુંજે કુંજ, સરોવર નીર, જને, ને વને વડા,
ત્હારા ને બાલના, ઓ વીર ! સુણું છું એ ટહુકડા.

ભૂતકાલના એ ભણકારા ક્ય્હારે સાચા પાડશો ?
મુજ મસ્તીખોરાં લાડનારાં ! ક્ય્હારે પાછાં લાડશો ?

મ્હારાં અજબસોહાગણ ભાભી ! ત્હમને બે સન્દેશડા :
તમ વ્હોણી ભમું છું હું આબી, સૂનો મ્હારો નેસડો.

આવો વીર ! વ્હાલાં મુજ બાલ ! ભાભી અલબેલડાં !
મ્હારી મ્હોરે-નમે આંબાડાળ, પાડો મીઠા બોલડા.

કહેજો-કહેજો વાદળનાં વિહંગ ! વીરાને એ વાતડી :
મ્હારે ઉછળે અંહી ઉછરંગ, સંભારૂં છું તે ઘડી.

૬૪

કોણ લૂણ ઉતારશે

દુઃખડાં કોણ લેશે ? બ્હેન !
કોણ લૂણ ઉતારશે ? હો બ્હેન !

શીળી-મીઠી સુખદુઃખ કેરી વાતલડી
કોણ ભૂલાવશે ? હો બ્હેન ! દુઃખડાં.

ઝીણી-ઘેરી મેઘલ પડતી રજની
હવે કોણ વિતાવશે ? હો બ્હેન ! દુઃખડાં.

હસી-રમી કોણ બાલકડાં સંગ
કુલને બહલાવશે ? હો બ્હેન ! દુઃખડાં.

સૂનાં-સૂનાં સદન ભર્યાં-ભર્યાં જગત
નહીં ભરી આપશે, હો બ્હેન !

દુઃખડાં એક લેશે, બ્હેન !
પ્રભુ લૂણ ઉતારશે, હો બ્હેન !

૬૫

બ્હેનના શણગાર

કેસરી કેવડો બ્હેનને માથે,
ઉજળો મોગરો બ્હેનને હાથે;
હજારી ગોટા ને ગુલાબી હાર:
બ્હેનને ધરાવશું એવા શણગાર.

કેવડે કેવડે ન્હાનેરા નખ,
બ્હેનના ખમશું આછેરા ડંખ.
મોગરે મોગરે કુમળાં પાન,
બ્હેનનાં પામશું પુણ્યનાં દાન.

હજારી ગોટાના હજાર બાણ,
બ્હેનને ઝૂલવાની દેવની આણ.
ગુલાબપાંદડી ફોરે સુવાસ,
બ્હેનને હસવે એવો ઉજાસ.

ફૂલડે ફૂલડે મધની રેત
બ્હેનને અંગઅંગ એવાં હેત.

૬૬

પોઢોને

બાલ ! જરી પોઢોને, પોઢોને.

હાં રે ધીમું ધીમું ઝૂલો, નીંઝનારા !
હાં રે બાપુ હમણાં આવશે ત્હમારા :
હો બાલ ! જરી પોઢોને, પોઢોને.

હાં રે હૈયે વિરમોને માવડીને મીઠે;
હાં રે બાપુ આવશે ત્હમારા અણદીઠે:
હો બાલ ! જરી પોઢોને પોઢોને.

હાં રે બાપુ આવશે ત્હમારા અધીરા,
હાં રે નમી ચૂમશે નિંદરતા વીરા :
હો બાલ ! જરી પોઢોને. પોઢોને.

હાં રે અમી રૂપલા ચાંદલિયો ય વરસે;
હાં રે ત્ય્હાં તમ બાપુના શ્વેત શઢો હરસે:
હો બાલ ! જરી પોઢોને, પોઢોને.

૬૭

પોઢે છે

ફૂલ મ્હારૂં પોઢે છે, પોઢે છે.

હાં રે જરા ધીમી, હો બ્હેન ! જરા ધીમી,
હાં રે મહાસાગરની લહર રૂહો ઝૂમી :
હો ફૂલ મ્હારૂં પોઢે છે, પોઢે છે.

હાં રે લહરી બ્હેની ! ધીરી, તું ધીરી વાજે;
હાં રે ત્હારાં સાગરનાં ગાન ગભીર ગાજે :
હો ફૂલ મ્હારૂં પોઢે છે, પોઢે છે.

હાં રે ચારૂ ચન્દ્રને ચૂમીને આવી, બ્હેનાં !
હાં રે વરસ આથમતાં અમૃતાંશુ ત્હેનાં :
હો ફૂલ મ્હારૂં પોઢે છે, પોઢે છે.

૬૮

દૂધ

ગોરાં ઘીનાં માવડીનાં દૂધ :
મીઠાં અમીનાં માવડીનાં દૂધ.

વાછડી ધાવે ગાવડીનાં દૂધ :
બ્હેનડી ધાવે માવડીનાં દૂધ.

વગડે વગડે ગાવડીનાં દૂધ :
ઘરમાં ઘરમાં માવડીનાં દૂધ.

દેહને પાજો ગાવડીનાં દૂધ :
પ્રાણને પાજો માવડીનાં દૂધ.

ફૂલડોલનો ઉત્સવ

આજે ઉત્સવ ફૂલડોલનો. ધ્રુવ.

અજબ વરસે વસન્ત,
    આજે ઉત્સવ ફૂલડોલનો:
ડોલે ભરતી અનન્ત,
    આજે ઉત્સવ ફૂલડોલનો.

ફૂલડે પ્રફુલ્લ ફૂલી વાડીની વેલીઓ;
કળી-કળીએ ડાળીઓ લચન્ત:
    આજે ઉત્સવ ફૂલડોલનો.

અબિલ ગુલાલ રંગ વિલસે વસન્તના;
વનવન કો હાસ્યમાં હસન્ત:
    આજે ઉત્સવ ફૂલડોલનો.

આભની આગાસીએ ઉગન્ત જો! તું ચન્દ્રમા;
ચન્દની શું કોડથી રમન્ત:
    આજે ઉત્સવ ફૂલડોલનો.

ભરીને ફૂલછાબ ચ્હડી રમણે વસન્ત આ;
તુજ-મુજમાં લાડથી લસન્ત :
    આજ ઉત્સવ ફૂલડોલનો.

દુઃખસુખ

દુઃખસુખ આવે રે તે સ્હેજો !
માજીના ચરણકમલમાં રૂહેજો !
દુઃખસુખ આવે રે તે સ્હેજો !

સુખડાં તરતાં રે રૂડાં છે :
દુઃખડાં પાછળ રે ઊંડાં છે :
માજીના ઊંડારૂડા સન્દેશ
દુઃખસુખ આવે રે તે સ્હેજો !

સુખડાંની શોભા રે સુલભ છે :
દુઃખડાંના હેતુ રે ગહન છે :
માજીના ગહનસુલભ આદેશ
દુઃખસુખ આવે રે તે સ્હેજો.

મા ! તુજ પ્રેમલ રે રચના છે:
મા ! તુજ સદર્થ રે ઘટના છે :
મા ! તુજ સદર્થ પ્રેમલ નિવેશ
દુઃખસુખ આવે રે તે સ્હેશું :
મા ! તુજ ચરણકમલમાં રૂહેશું
દુઃખસુખ આવે તે **મા** ! સ્હેશું.

૭૧

પૂછશો મા

પૂછશો મા, કોઇ પૂછશો મા,
મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

દિલના દરિયાવ મંહી કાંઇ કાંઇ મોતી :
ગોતી ગોતીને ત્હેને ચૂંથશો મા :
મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

ટહુકે છે કોકિલા, પુકારે છે પપૈયો :
કારણોના કામીને સૂઝશો મા :
મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

આંસુનાં નીરના કો આશાના અક્ષરો
આછા આછા ત્હો ય લૂછશો મા :
મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

જગના જોદ્ધા ! એક આટલું સુણી જજો :
પ્રારબ્ધનાં પૂર સ્હામે ઝૂઝશો મા :
મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

૭૨

ધર્મરાયના પાર્ષદને વિદાય

આવજો, ધર્મપુરીના પાટવી રે !
આવજો, બ્રહ્મલોકના મહેમાન જો !
આવજો, પાવન કરજો આંગણું રે,
આવજો લઇ પ્રભુજીનાં નિશાન જો !
આવજો, ને રોપજો ધ્વજ અમ આંગણે રે.

નથી કાંઇ પૂછ્યું, નથી કાંઇ પૂછવું રે,
નથી કાંઈ પારખવા પયગામ જો !
કાગળિયા લાવ્યા મહારાજના રે,
લખિયા મંહી બ્રહ્માક્ષર 'રામ' જો !
પ્રભુજીએ સંભાર્યાં અમ સ્નેહીને રે.

જગત ઉતારી લઇ દીધ દેવને રે,
સાચવજો એ પ્રાણવિરામ જો !
ભીંજે દાનસમય અમ આંખડી રે,
નથી અપશુકન, ઘડી અભિરામ જો !
લ્યો, ને કરજો જતન અમ્રિતકુંડ રે.

કાળા ધૂમશે ઘન અન્ધારના રે,
વીજના અગ્નિ કરે ચમકાર જો !
ગિરિવર શા જોગી પણ ડોલી જશે રે,
ઉઘડશે પાતળનું દ્વાર જો !
એવી પાપની પળથી ઉગારજો રે

એક પાંખે લખ્યાં ઉંચાં ઉડવાં રે,
એક પાંખે લીધ ધર્મનો હાર જો !
એક કરમાં ધર્યો અમૃતદીવડો રે,
તમ મુદ્રા મંહી જગઉદ્ધાર જો !
અદ્ભુત દર્શનથી ઠરી આંખડી રે.

એક મીટમાં પૃથ્વીનું વિરામવું રે,
એક મીટમાં ઉઘડવાં સ્વર્ગ જો !
તમ વદને ગેબી એક હાસવું રે,
મૂર્તિમાં ધર્મશાયનાં ભર્ગ જો !
મંગલ દર્શનથી મનડું ઠર્યું રે.

નથી સત્કાર્યો, નથી સેવા કરી રે,
આપ્યું એક નમન પદ માંહિ જો !
કહેજો નમન વળી મહારાજને રે,
દેજો દેવકુલોને સાંઇ જો !
વીનવજો વગડે નવ વીસરે રે.

બાંધી-બાંધી દિશાઓ સરી જતી રે.
પન્થ અજવાળે શશિયરભાણુ જો !
ઢોળે તેજની અંજલિઓ તારલા રે,
ત્ય્હાં થઇ કરજો મધુર પ્રયાણુ જો !
મીઠડા પન્થ પ્રભુદરબારના રે.

એક દિન પ્રભુજી આણાં વાળશે રે,
છાશે અમ પર પુણ્યની છાંય જો !
વીર હો ! ત્ય્હારે નિહાળવા આવશું રે
પ્રેમળ દેવોમાં પ્રભુરાય જો !
સંચરશું ત્ય્હારે સંગાથમાં રે.

આવજો, મ્હોટા ઘરના મ્હોડની રે !
આવજો, અમુલખ જોઇ સંજોગ જો !
આવજો, આદર છે અમ આંગણે રે,
આવજો, મનભર કરશું યોગ જો !
રાજકાગળ લઇ અવધે આવજો રે.

૯૩

મન્દિર દ્યો

મન્દિર દ્યો, દેવ ! મન્દિર દ્યો.

અવનિમાં મન્દિર મોંઘાં, હો દેવ ! મન્દિર દ્યો;
પાપ કેરાં પારણું સોંઘાં, હો દેવ ! મન્દિર દ્યો.

ઉંઘ્યાના અરૂણુદ્દામા, હો દેવ ! મન્દિર દ્યો;
જગતના થાકના વિસામા, હો દેવ ! મન્દિર દ્યો.

વાગ્યાના વૃંશુને રૂઝાવા, હો દેવ ! મન્દિર દ્યો;
વિષની ઉતારપ્યાલી પાવા, હો દેવ ! મન્દિર દ્યો.

સ્નેહીની શેરીએ ઊભાં, હો દેવ ! મન્દિર દ્યો;
ભિક્ષા ન દીધ અને દુભ્યાં, હો દેવ ! મન્દિર દ્યો.

અમૃતરસથી ભીંજેલાં હો દેવ ! મન્દિર દ્યો;
સૌન્દર્યફૂલડે સજેલાં હો દેવ ! મન્દિર દ્યો.

આત્માની ઊંડી અભિલાષા, હો દેવ ! મન્દિર દ્યો;
અણુપૂરી એક પૂરો આશા, હો દેવ ! મન્દિર દ્યો.

પુણ્યનાં પુષ્પ શી દેહનાં હો દેવ ! મન્દિર દ્યો;
સાત્ત્વિક નિર્મલ સ્નેહનાં હો દેવ ! મન્દિર દ્યો.

આથમશે ને અમે જાશું, હો દેવ ! મન્દિર દ્યો;
નાથને નેહ ક્યહારે ન્હાશું ? હો દેવ ! મન્દિર દ્યો.

દુનિયામાં દેવ એક દીઠા, હો દેવ ! મન્દિર દ્યો;
દુનિયાના દેવ મ્હારે મીઠા, હો દેવ ! મન્દિર દ્યો.

અવનિમાં મન્દિર મોંઘાં, હો દેવ ! મન્દિર દ્યો:
પ્રભુજીનાં મન્દિર સોંઘાં, હો દેવ ! મન્દિર દ્યો.

માનવી-માનવીને લ્હઇએ હો દેવ ! મન્દિર દ્યો;
દેહી છતાં ય દેવ થઇએ, હો દેવ ! મન્દિર દ્યો.

૭૪

જગતના ભાસ

જોજો, જોજો જગતના આભાસ, જન સહુ ! જોજો રે;
ઉંડો ભાળી અનન્ત ઉજાસ આંસુડાં લ્હોજો રે.

કાળાં વાદળ ઉલટે અથાગ ભર્યાં અન્ધકારે રે,
ત્હો યે અનુપમ તેજસોહાગ દિશાઓ પ્રસારે રે.

સુની શોકની માઝમ રાત વેરી ઉતરશે રે,
મંહી ચન્દ્રની અમૃતભાત ઝીણી ઝગમગશે રે.

અયિ ! દુઃખ તણી મહારેલ ક્ષિતિજ ફરી વળશે રે,
દૂર દૂર ક્ષિતિજને મહેલ સુખડાં સુહવશે રે.

જોજો—જોજો વિધિના આ ફંદ, અલૌકિક જોજો રે,
ઊંડો ભાળી અખંડ આનન્દ આંસુડાં લ્હોજો રે. .

૭૫

હરિનાં દર્શન

મ્હારાં નયણાંની આળસ રે, ન નિરખ્યા હરિને જરી:
એક મટકું ન માંડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી.

શોકમોહના અગ્નિ રે તપે, ત્હેમાં તપ્ત થયાં:
નથી દેવનાં દર્શન રે કીધાં, ત્હેમાં રક્ત રહ્યાં.

પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઉભર્યા.

નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઇ રહે:
નાથ વાયુની પેઠે રે સદા મુજ ઉરમાં વહે.

જરા ઉઘડે આંખડલી રે, તો સન્મુખ તેહ તદા:
બ્રહ્મ બ્રહ્માંડ અળગા રે, ઘડી યે ન થાય કદા.

પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ ત્હેને ચેતનની?
જીવે સો વર્ષ ઘૂવડ રે, ન ગમ ત્હો યે કંઇ દિનની.

સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી:
જીભ થાકીને વિરમે રે 'વિરાટ' 'વિરાટ' વદી.

પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ! ક્ય્હારે ઉઘડશે?
આવા ઘોર અન્ધારાં રે પ્રભુ! ક્ય્હારે ઉતરશે?

નાથ! એટલી અરજી રે, ઉપાડો જડપડદા:
નેનાં? નિરખો ઉંડેરૂં રે; હરિવર દરસે સદા.

આંખ આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી:
એક મટકું તો માંડો રે, હ્રદય ભરી નિરખો હરિ.

ભેદના પ્રશ્ન

મ્હેં તો કુંકુમે લીપ્યું મ્હારૂં આંગણું રે લોલ :
કોઈ ભેદુ આવો તો ભેદને ભણું રે લોલ.

મ્હારી આંખે અમોઘ આંસુડાં વહે રે લોલ :
વિધિ જોઈ જોઈ કાં હસી રહે રે લોલ ?

આવો શાસ્ત્રી ! સદ્‍બોધો મ્હારી આંખડી રે લોલ :
પ્રાણ વારી પૂજીશ પદ્ચાખડી રે લોલ.

મહાગિરિને ગહ્વર ધોધ ઉછળે રે લોલ:
ત્હેના અકલિત નીરધોર કો કળે રે લોલ ?

ત્હો ય ધોધ કરે ધમક જગત ધમધમે રે લોલ:
મ્હને આંસુના એમ અનુકમ્પ ગમે રે લોલ.

કોઇ સ્નેહીના પાલવ લોચન લ્હૂવે રે લોલ:
નીચે ઉછળે ઉરસ્નેહ, આત્મ એ જૂવે રે લોલ.

ગાન રહમજુ ન, ત્હો ય ગાન વેદનાં રે લોલ:
રુદન અરુચે, રૂચે છે ત્હો ય વેદના રે લોલ.

બાલ પજવે, હા ! ત્હો ય મ્હારા અંગનાં રે લોલ :
આંખ રડતી, તે ત્હો ય પ્રાણઅંગના રે લોલ.

જ્ઞાની! સાધુ! આવો તો કહું વાતડી રે લોલઃ
ઉભા રહો તો ઉઘાડું મ્હારી છાતડી રે લોલ.

કૃપાનાથે બ્રહ્માંડ એવું કાં કીધું રે લોલ?
આંખ આવડી, ને જગ તો મ્હોટું બધું રે લોલ.

ગામપાદર બેસી કાં બોલે મોરલા રે લોલ?
ચન્દ્રસૂરજ સન્તાડે વદન કાં ભલા રે લોલ?

મહાબ્રહ્માંડ ક્ય્હારે ઘૂંઘટ ખોલશે રે લોલ?
ક્ય્હારે સચરાચર બ્રહ્મનીર ડોલશે રે લોલ?

આવો સન્તો! તમ પગલે પાવન થવું રે લોલઃ
પ્રાણરૂંધન્તા પ્રશ્ન પદે ઠાલવું રે લોલ.

ખીલી વસન્ત, ડાળ લૂમખે લચી રે લોલઃ
ટૂંકા આંખો, ને લાંબી દૃષ્ટિ કાં રચી રે લોલ?

વિશ્વ વીંટી આકાશની ઝાડી ઝૂકી રે લોલઃ
મધુ વનમાં, મીઠાશ જીભે શે મૂકી રે લોલ?

ઢળે અઢળક રસ મેઘ મહાશૈલમાં રે લોલઃ
સમી સ્હાંઝે ભરૂં તે મ્હારી હેલમાં રે લોલઃ

મ્હારા ઉરથી ન હેલ તો મ્હોટી કશી રે લોલઃ
ભરૂં-ભરૂં ત્હો ય ખાલી હેલ, ભાગ્ય શી રે લોલ.

છતાં શીળો : અગ્નિની ઉપર ચાલવું રે લોલઃ
ફૂલ ફૂલે, તો ઘડીનું એ ફાલવું રે લોલ.

તેજ આવે, તો અર્ધ દિવસ આથમે રે લોલ:
જીવન જાગે, તો અર્ધ નિન્દમાં શમે રે લોલ.

મોરવર્ણું અખંડ ચાપ ઇન્દ્રનું રે લોલ:
જોવું-રોવું: સૌન્દર્ય એવું કાં બન્યું રે લોલ?

લોક કહે છે, પ્રભુના મીઠા બોલડા રે લોલ:
એક લીધા કંઇ મુજ શું અબોલડા રે લોલ?

તેજ-અન્ધકાર મળી ગૂંથે દિનને રે લોલ:
હસવું-રડવું: એ ઉભય રચે જીવનને રે લોલ.

મ્હને એટલું-ઓ! એટલું કહો કથી રે લોલ:
દીઠું અદીઠું હો સન્ત! કાં થતું નથી રે લોલ?

❦

૭૭

વનના બોલ

બોલે-બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહૂકો કરે;
મ્હારે અન્તર ઉછળે અંકોર,
જીવન ઝોલે ચ્હડે.
નથી જીવનનો બોલ જયા ! એ,
નથી ટહૂકો એ આત્મનનો;
નથી ઉરઝરણાં, એ ભ્રમરમણા:
એ ઘોર ધ્વનિ કંઇ વનવનનો.
બોલે-બોલે છે શિખરોમાં દેવ,
દેવીઓ હાસ્યે હસે;
મ્હારા આયુષ્યનો અવશેષ
શિખરે ને વગડે વસે.
નથી જગતનો મન્ત્ર જયા ! એ,
નથી ન્હોતરૂં એ અમરોનું;
નથી પ્રભુપ્રેરણા, એ સહુ ભ્રમણા:
એ ઇન્દ્રજાલ કંઇ અસુરોનું.
બોલે-બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહૂકો કરે;
મ્હારે અન્તર ઉછળે અંકોર,
જીવન ઝોલે ચ્હડે.

૭૮

હો યોગીન્દ્ર !

અહો ! દૂર દૂર દૂરના દરવેશ ! હો યોગીન્દ્ર !
આપો દેવના યે દેવના સન્દેશ, હો યોગીન્દ્ર !

અહો ! દુઃખિયાંને એક દેવબોલ, હો યોગીન્દ્ર !
આપો માનવીને એક બ્રહ્મકોલ, હો યોગીન્દ્ર !

અહો ! અધૂરાં પૂરાય એવી આશ, હો યોગીન્દ્ર !
આપો અન્ધારાં ઉજાળે એ ઉજાસ, હો યોગીન્દ્ર !

અહો ! સદ્દન સદ્દન પુણ્યના સુવાસ, હો યોગીન્દ્ર !
આપો પ્રાણ પ્રાણ પ્રભુજીના વાસ, હો યોગીન્દ્ર !

૭૯

જગત્ની જાહ્નવી

ઘૂમે ઘૂમે ને ઘેલી વહે,
ને કાંઇ વ્હેતી અખંડ ને અનન્ત રે!
જાહ્નવી જગની ઘૂમે રે!

પાણી ભર્યાં છે પુણ્યનાં,
ને મંહી ઝીલે સુહાગિયાં સન્ત રે!
જાહ્નવી જગની ઘૂમે રે!

સગરકુમારોને તારિયા,
ને એમ તારશે માનવજાત રે!
જાહ્નવી જગની ઘૂમે રે!

બ્રહ્માંડે ભર્યાં બ્રહ્મનાં અમી,
સાધો! માણજો મહીં દિનરાત રે!
જાહ્નવી જગની ઘૂમે રે!

બ્રહ્મબંસરી

—

પરમ શબ્દ એ સુણો,
હો ! પરમ શબ્દ એ સુણો,
બોલે બ્રહ્માંડે બ્રહ્મબંસરી તણો:
રટે આનન્દ આનન્દ સ્થૂલસૂક્ષ્મનાં કણો,
પરમ શબ્દ એ સુણો.

એ શબ્દ કો ગહન આત્મિક વાણી બોલે,
એ શબ્દ વીંધી ત્રણ લોક અપાર ડોલે.

મન્દ મન્દ જેમ ફોરે મધુર ફૂલડાં, સખિ !
ચન્દ્ર ચન્દ્ર જેમ વહે અમૃતચન્દ્રિકા, સખિ !
એવી ધીરી
એવી ધીરી એ અધીરી ! બજે બ્રહ્મબંસરી:
પરમ શબ્દ એ સુણો.

માની મહાસમય માનવ ભાગ્યનો, હો !
કલ્યાણમંગલ ભણે સુરમંડલીઓ.

ગાજે દેવતાનાં દુંદુભિ આનન્દનાં,
ગીત નન્દનનાં નન્દિની ને નન્દનાં;

ઉંડે પડઘો અનન્તતાની ઝાડીમાં ઘણો,
ઝીણી તારલીનાં કિરણ સરિખડો ઝીણો ઝીણો:
પરમ શબ્દ એ સુણો.

❦

અનુક્રમ